मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ


**શાહ ધનજીભાઈ પ્રેમચંદ.**

ચાહ, સુકોમેવો, પીપરમેંટ તથા

—× કરીયાણાના વેપારી. ×—

વઢવાણ કેમ્પ.






પુસ્તક ૬૩ મું | અંક ૭ મો

વૈશાખ

ઇ. સ. ૧૯૪૭ | ૨૧ એપ્રીલ

વીર સં. ૨૪૭૩ | વિક્રમ સં. ૨૦૦૩

પ્રગટકર્ત્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦

| | | |
|---|---|---|
| પુસ્તક ૬૩ મું<br>અંક ૭ મો | વૈશાખ | વીર સં. ૨૪૭૩<br>વિ. સં. ૨૦૦૩ |


## अनुक्रमणिका


૧. શ્રી કેસરિયા પ્રભુનું સ્તવન (આ. શ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ) ૧૪૯

૨. મિથ્યાત્વનું સ્વરૂપ ... ... (મગનલાલ મોતીચંદ શાહ) ૧૫૦

૩. નિવૃત્તિના પંથે પ્રવૃત્તિ ... ... ...(અમરચંદ માવજી શાહ) ૧૫૧

૪. राजराजेश्वर ... ... ... ... (રાજમલ ભંડારી) ૧૫૨

૫. પ્રભુદર્શન ... ... (આ. શ્રી. વિજયકસ્તૂરસૂરિજી મહારાજ) ૧૫૩

૬. સમુદ્રતીરે ચર્ચા ... ... ... ... ... (મૌક્તિક) ૧૫૬

૭. જગત્પિતા જગડુશાહ અને અનુકંપાદાન (આ. શ્રી વિજયપદ્મસૂરિજી) ૧૬૨

૮. અધ્યાત્મ શ્રીપાલ ચરિત્ર: ૫ ... (મોહનલાલ દીપચંદ ચોકસી) ૧૬૭

૯. યોગાવંચક, ક્રિયાવંચક ને ફલાવંચક (ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા) ૧૭૧


### સભા......સમાચાર

વૈશાખ શુદિ ૮ ને સોમવાર તા. ૨૮ મી એપ્રીલના રોજ આપણી સભા તરફથી શાંતમૂર્તિ મુનિરાજશ્રી **વૃદ્ધિચંદ્રજી** મહારાજની સ્વર્ગવાસ જયંતિ નિમિત્તે સામાયિક શાળાના હોલમાં તેમની મૂર્તિ સમક્ષ પ્રભુજી પધરાવીને પૂજા ભણાવવામાં આવશે.


**ઓછી નકલો શીલીકમાં રહી છે.** **ચૈત્રી પંચાંગ** **તમારી જરૂરિયાત મુજબ તરતજ મંગાવો.**

અમારા તરફથી બહાર પડતાં સં. ૨૦૦૩ ના ચૈત્રથી સ. ૨૦૦૪ ના ફાગણ સુધીના ચૈત્રી પંચાંગ છપાઇ તૈયાર થઇ ગયા છે. પંચાંગમાં શ્રી પાર્શ્વનાથ ભગવંતનો ફોટો મૂકી સુશોભિત કરવામાં આવેલ છે.

**છુટક નકલ એક આનો.**

**સો નકલના રૂપિયા સાડાપાંચ.**

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર




પુસ્તક ૬૩ મું.
અંક ૭ મો.

: વૈશાખ :

વીર સં. ૨૪૭૩
વિ. સં. ૨૦૦૩

॥ श्री केसरिया प्रभुनुं स्तवन ॥

નયર ધુલેવામંડણો, પ્રભુ આદિ જિણંદા;
સુરતરુથી મહિમા વડો, મુખ શારદ ચંદા. નયર૦ ૧
દૂર દેશાંતરના મળી, આવે યાત્રિક સંઘ;
અતિશય કેસર ઘોળથી, પૂજે ધરી રંગ. નયર૦ ૨
કેસરિયા નામે લહે, વસુધામાં પ્રસિદ્ધિ;
પૂજક પામે પૂજ્યતા, ધરે આત્મિક ઋદ્ધિ. નયર૦ ૩
નિશ્ચલ મનથી ધ્યાવતા, આધિ વ્યાધિ વિનાશ;
વિઘ્ન ઉપદ્રવ ભાગતાં, ઋદ્ધિ સિદ્ધિ વિકાસ. નયર૦ ૪
ધન્ય નરા પ્રભુ દેખતા, ભક્તિકારક ધન્ય;
ધ્યાતા ધન્ય શરણ ગ્રહે, તે જન કૃતકૃત્ય. નયર૦ ૫
પ્રભુસેવા પુણ્યે મળી, ચાહું એ પ્રતિજન્મ;
પામી નેમિ સૂરીશના, ઉત્તમ પદ પદ્મ. નયર૦ ૬

આચાર્ય શ્રી વિજયપદ્મસૂરિજી

## મિથ્યાત્વનું સ્વરૂપ

અનુષ્ટુપ્

કુદેવે દેવબુદ્ધિ જ્યાં, ગુરુબુદ્ધિ કુસંતમાં;
અધર્મે ધર્મબુદ્ધિ છે, ત્યાં મિથ્યાત્વ જ જાણવું. ૧
આપે આ જન્મમાં દુઃખો, રોગ, ઝેર, તમો અરિ;
સહસ્ર જન્મમાં પામે, દુઃખો મિથ્યાત્વ દર્શની. ૨
મિથ્યાત્વ રોગ છે મોટો, વ્યાપી રહ્યો જ દેહમાં;
પરમ શત્રુ જાણો તે, મિથ્યાદર્શન ઝેર છે. ૩
ન કર્તા નિત્ય ના આત્મા, ન ભોક્તા બંધ મુક્તતા;
ન ઉપાય નિવૃત્તિનો, મિથ્યાત્વી આમ બોલતા. ૪
કેમ રમે નહિં ચિત્ત, ધર્મે સુખપ્રદે બહુ;
જ્યાં દુઃખ ભીરુ જીવોની, દૃષ્ટિ મિથ્યાત્વમાં ભરી. ૫
દુર્વચન પરાશ્રયો, શરીરે કષ્ટ જે કરે;
તેથી અતિ ઘણું કષ્ટ, મિથ્યાત્વી પામતા સદા. ૬
શત્રુ શસ્ત્ર કરે દેહે, પીડા જગે મનુષ્યને;
એવું દુઃખ કરે છે આ, મિથ્યાત્વ-શલ્ય આત્મને. ૭
છે મોટું બીજ મિથ્યાત્વ, આ સંસારમાં ભયંકર;
તેથી મોક્ષાભિલાષીએ, તેને જ તજવું સદા. ૮
મિથ્યાત્વ-શલ્યને કાઢી, સ્વાત્મને નિર્મળ કરો;
સિદ્ધરરજથી જેમ, દર્પણ નિર્મળું થતું. ૯
સ્વાધ્યાય ગુરુભક્તિથી, દીક્ષા ને તપથી તથા;
ગમે તે સત્ય ઉદ્યમે, મિથ્યાત્વ-શલ્ય કાપવું. ૧૦
મિથ્યાત્વ ત્યાગથી શુદ્ધ, સમ્યક્ લક્ષણ ઉદ્ભવે;
આથી તેના જ ત્યાગનો, પ્રયત્ન સંત સૌ કરે. ૧૧

ઉપજાતિ વૃત્ત

ચારે પ્રકારે બહુ દાન આપે, જિનેશ્વરોમાં અતિ ભક્તિ સ્થાપે;
પાળે ભલે શીલ બની ઉપવાસી, મિથ્યાત્વ ભાવે ન જ સિદ્ધિ થાતી. ૧૨
જે દુઃખ ના દે જનને કદાપિ, સિંહો નૃપો ને ગજ, સર્પ આદિ;
બલીષ્ટ શત્રુ ન કરી શકે જે, તે દુઃખ મિથ્યાત્વ કરી શકે છે. ૧૩
દયા દમાદિ તપ ધ્યાન પૂર્ણ, મિથ્યાગ્રહી આ ગુણમાં અપૂર્ણ;
દુરંત મિથ્યાત્વ રજે હણાયા, તે જીવ સંસાર તળે તણાયા. ૧૪

જાણે ન હિતાહિત તત્ત્વશુદ્ધિ, મિથ્યાત્વ પામે વિપરીત બુદ્ધિ;
મૂર્છા દશા ભૂલવતી વિવેક, શ્રદ્ધા જનોના વમને ન એક. ૧૫
હો દૂધ સાથે શર્કરા ભલે જ્યાં, પિત્તપ્રકોપી કડવું કહે ત્યાં;
જે શુદ્ધ તત્ત્વો નિજ સાધ્ય સાધે, મિથ્યાત્વીને તે વિપરીત લાગે. ૧૬
ત્રિલોકને ત્રિસમયે જણાતાં, ત્રિવિધ દુઃખો બહુ ભોગવાતાં;
ચરાચરે સ્થાવર ત્રસ કાયે, તે દુઃખ મિથ્યાત્વ વશે પમાયે. ૧૭
જે ચિત્ર રંગે અતિ શોભતું છે, જોવાય શું ? આંખ વિના કહીએ;
જિનેશ્વરોએ સુખમાર્ગ આપ્યો, કુદૃષ્ટિએ તે હૃદયે ન સ્થાપ્યો. ૧૮
આપે સદા દુઃખ અસહ્ય દેહે, પાપો ભરે દુર્મતિથી સદેહે;
બગાડશે તે સુપવિત્ર બુદ્ધિ, મિથ્યાત્વ ઝેરે સઘળી અશુદ્ધિ. ૧૯
પવિત્ર ધર્મો દશધા સ્વીકારો, નિર્દોષ ભિક્ષા લઈને ચલાવો;
યોગે કરી ચિત્ત વિસ્તાર પામે, તથાપિ મિથ્યાત્વ ન મોક્ષ આપે. ૨૦

**મગનલાલ મોતીચંદ શાહ–વઢવાણ કેમ્પ.**

---

## નિવૃત્તિના પંથે પ્રવૃત્તિ

( કવ્વાલી )

જગત જંજાળને છોડી, નિજાતમ ચિત્તને જોડી;
કરમનાં બંધનો તોડી, તમે નિવૃત્ત થશો કયારે ? ૧
જગત આ પાપ પુન્યોનું, ખરેખર કારખાનું છે;
શુભાશુભ ભાવને ત્યાગી, તમે નિવૃત્ત થશો કયારે ? ૨
જગત આ સુખ દુઃખોનું, ખરેખર ભારખાનું છે;
ચિદાનંદ સુખને લેવા, તમે નિવૃત્ત થશો કયારે ? ૩
જગત આ મોહનો સાગર, અહા ! ચેતન ફસાયાં છે;
હલાહલ રાગ દ્વેષોથી, તમે નિવૃત્ત થશો કયારે ? ૪
જગતના સાગરે ઊભું, સિદ્ધાચળ જહાજ તરવાને;
ધરમનો પંથ લેવાને, તમે નિવૃત્ત થશો કયારે ? ૫
જગત જંજાળથી તરવા, કિનારે પાર ઉતરવા;
ગુરુ નાવિક સત્સંગમાં, તમે પ્રવૃત્ત થશો કયારે ? ૬
જગતનાં જડ દ્રવ્યોથી, અનોખાં તત્ત્વને ગ્રહવાં;
અંતર્મુખ યોગને પંથે, તમે પ્રવૃત્ત થશો કયારે ? ૭
જગતમાં જીવન માનવનું, આતમમુક્તિતણું સાધન;
'અમર' શુદ્ધ સાધના કરવા, તમે પ્રવૃત્ત થશો કયારે ? ૮

**અમરચંદ માવજી શાહ**

# राजराजेश्वर

कहलाता जग में नाम अपना, ऐक ही वह राज है।
मल्ल से पाना विजय ही, राज का बस काज है ॥ १ ॥

राज कहते हैं किसे, और कौनसा वह राज है।
शक्ति अनंती का धणी, बस वोहीं चेतन राज है ॥ २ ॥

इसकी शक्ति से जगत के, होते सब ही काज है।
इस के बल पर ही टीकाँ, सब राज और समाज है ॥ ३ ॥

पर मगर भूले हैं इस को, खेद! ही यह आज हैं।
राज शक्ति की जगह, यह देह बनी सरताज है ॥ ४ ॥

इस देह में लयलीन बन, सारा गुमाया राज है।
कामी न बनाती कामी को, वैसा बना यह साज है ॥ ५ ॥

शक्ति के होते हुवे, वह वनग मोहताज है।
छट पटाता देह पिंजर में, यही दिन रात है ॥ ६ ॥

शक्तिशाली राज पर, इस देह का उत्पात है॥
इन्द्रिरूपी कामिनी से, पा रहा यह त्रास है ॥ ७ ॥

मेष के संग सिंह बालक, भूलता निज जात हैं।
वैसे भूला कर देहने, परतंत्र बनाया आज हैं ॥ ८ ॥

राज अपने आत्मबल से, दे हटा उत्पात है।
मल्ल को कर दे परास्त, तो सुगम सब बात है ॥ ९ ॥

ज्ञान का वह कौष भी, रहता सदा तुझ पास है।
अक्षयनिधि होते हुवे, तु क्यों बने मोहताज है ॥ १० ॥

अपनी शक्ति को समझ ले, तो मिटे सब त्रास है।
राजराजेश्वर तु जग का, जग तो तेरा दास है ॥ ११ ॥

राजमल भंडारी
आगर (मालवा)

# પ્રભુદર્શન

લેખક—**આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.**

દર્શન શબ્દ ગુણવાચક છે અને તેના અનેક અર્થ થાય છે. દર્શન એટલે જોવું, સામાન્ય જ્ઞાન, તાત્વિકરુચિ, સિદ્ધાંત આદિ અનેક વાચ્યોમાં દર્શન શબ્દ વપરાય છે. પ્રભુદર્શન એટલે પ્રભુના સિદ્ધાંતનું સામાન્ય જ્ઞાન, પ્રભુના વચનોની રુચિ અથવા તો સદ્ભૂત ગુણોનું ચિંતવન, વ્યવહારથી પ્રભુદર્શન કહેવાય અને આત્મા તથા પરમાત્માની અભેદદશાની પ્રાપ્તિ અર્થાત્ વીતરાગ દશાની પ્રાપ્તિ તે નિશ્ચયથી પ્રભુદર્શન કહી શકાય.

વ્યવહાર તથા નિશ્ચય બંને સાથે જ રહે છે. ફરક માત્ર એટલો જ હોય છે કે–વ્યકિતવિશેષને લઇને મુખ્ય–ગૌણુતા રહેલી છે. જેને વ્યવહાર મુખ્ય હોય છે તેને નિશ્ચય ગૌણ રહે છે અને જેણે નિશ્ચયને પ્રધાનતા આપેલી હોય છે તે વ્યવહારને ગૌણ રાખે છે. અલ્પજ્ઞ–છદ્મસ્થને વ્યવહારની પ્રધાનતા અને નિશ્ચયની ગૌણતા હોય છે ત્યારે સર્વજ્ઞને નિશ્ચય પ્રધાન અને વ્યવહાર ગૌણ હોય છે. જેઓ નિશ્ચયનો સર્વથા અનાદર કરવાનું કહે છે તેઓ ભૂલે છે; કારણ કે ધ્યેય સન્મુખ રાખ્યા સિવાય કાંઈ પણ પ્રવૃત્તિ કરી શકાય નહિં. પ્રયોજન સિવાય તો મંદ મનુષ્ય પણ એક ડગલું પણ ભરી શકે નહિં, માટે કોઇ પણ પ્રવૃત્તિ કરતાં પહેલાં ધ્યેય તો નક્કી કરવું જ પડે છે. વ્યવહાર એટલે ક્રિયા અને નિશ્ચય એટલે જ્ઞાન, આ બે ભેગાં ભળ્યા સિવાય કોઈ પણ કાર્યની સિદ્ધિ થઇ શકતી નથી, અને એટલા માટે જ પૂર્વપુરુષો કહી ગયા છે કે—" **सम्यग्ज्ञानक्रियाभ्यां मोक्षः** " સાચું જાણીને કરવાથી જ જીવ મુક્તિ મેળવી શકે છે માટે જે કાંઇ કરવું હોય તેનું જ્ઞાન પ્રથમ હોવું જ જોઇએ.

પ્રભુ એટલે કોણ, પ્રભુનો સિદ્ધાંત શું છે તથા પ્રભુને નમવું પૂજવું શા માટે ? આ બધાયનું પ્રથમ સાચું જ્ઞાન હોય તો જ વ્યવહારથી પણ પ્રભુદર્શન કર્યું કહેવાય. જો પ્રભુને સાચી રીતે ન ઓળખતા હોઈયે, પ્રભુના સિદ્ધાંતને પણ સાચી રીતે સમજી જાણતા ન હોઈએ તો પ્રભુપ્રતિમાને જોવા માત્રનું નામ દર્શન કહી શકાય. જેઓ પ્રભુને ઓળખતા નથી તેઓ પ્રભુ આગળ ઊભા રહીને સ્તુતિ કરે છે, તેને પોતે પણ સમજી શકતા નથી કે અમે પ્રભુનું બહુમાન કરીયે છીએ કે કેમ અને એટલા માટે જ કેટલાક પ્રભુસ્વરૂપથી અણજાણ જડ સ્વરૂપ પ્રભુપ્રતિમાના અવયવોનું તથા મુકુટ–કુંડળ કે રચવામાં આવતી આંગી વિગેરેનું વર્ણન સ્તુતિ સ્તવનોમાં જોડતા તથા બોલતા દૃષ્ટિગોચર થાય છે, પણ પ્રભુના સદ્ભૂત ગુણ-ગર્ભિત સ્તવન–સ્તુતિ જોડનાર તથા બોલનાર બહુ જ ઓછા નજરે આવે છે. બાહ્ય દૃષ્ટિ પાષાણની પ્રતિમામાં પણ પ્રભુને જોઇ શકે છે અને પોતે પ્રભુ બની શકે છે,

પુસ્તકોમાં લખાયલી વર્ણપંક્તિઓથી પ્રભુના સિદ્ધાંતનો બોધ મેળવી શકે છે. પણ અનાત્મદષ્ટિ પાષાણની પ્રતિમા માત્ર જોઇ શકે છે પણ પ્રભુને જોઇ શકતો નથી, તેથી પ્રભુને મળી શકતો પણ નથી. તેમજ પુસ્તકોમાંથી જ્ઞાન મેળવી શકતો નથી પણ અજ્ઞાન જ મેળવી શકે છે. અર્થાત્ અનાત્મજ્ઞ-પુદ્ગલાનંદી જીવ વિષયાસકત હોવાથી માન-મોટાઇરૂપ મિથ્યાભિમાન તથા ક્ષુદ્ર વાસનાઓ પોષવાને માટે પ્રભુના સિદ્ધાંતગર્ભિત શાસ્ત્રો વાંચે વિચારે છે અને જનતામાં પોતાનું જાણપણું બતાવીને અજ્ઞાની જીવોને પોતાના અનુયાયી બનાવી, તેમની પાસેથી વૈષયિક સુખના સાધનો મેળવી, પાંચે ઇંદ્રિયોના વિષયોને પોષીને સંતોષ માને છે, પણ પ્રભુની વાણીનો આત્મવિકાસના સાધન તરીકે ઉપયોગ કરતા નથી માટે જ પુદ્ગલાનંદી જીવોને સમ્યગ્શાસ્ત્ર વાંચવા છતાં પણ મિથ્યાશાસ્ત્રપણે પરિણમે છે, તેવી જ રીતે પ્રભુને પણ પૌદ્ગલિક સુખના સાધન મેળવવાને માટે જ નમે છે, પૂજે છે તેથી તે જડસ્વરૂપ પ્રતિમાનો ઉપાસક કહેવાય પણ શુદ્ધાત્મ સ્વરૂપ પ્રભુનો ઉપાસક બની શકે નહિ; કારણ કે તેની જડાત્મક દષ્ટિ હોવાથી ચૈતન્યસ્વરૂપ પ્રભુની ઉપાસના બની શકતી નથી. જ્ઞાન-દર્શન-જીવન-સુખ આદિ ગુણસ્વરૂપ આત્મવિકાસની દષ્ટિથી ઉપાસના કરનાર પ્રતિમાની ઉપાસના કરતો નથી પણ પ્રભુની જ ઉપાસના કરે છે, કારણ કે પ્રભુ અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્ય-સુખ-જીવન આદિ ગુણોના ધારણ કરનારા છે, તે સ્વરૂપ છે માટે અનંતચતુષ્ટય મેળવવાના આશયથી-અધ્યવસાયથી પ્રભુપ્રતિમાનું પૂજન તથા નમન થાય તો જ "જિનપડિમા જિનસારિખી" માની યથાર્થ કહી શકાય અને પ્રભુપૂજન તથા નમન સાચી રીતે કર્યું કહી શકાય પણ માત્ર જડસ્વરૂપ વૈષયિક સુખોના સાધન મેળવવાના હેતુથી જ પ્રભુપ્રતિમા પૂજનાર માત્ર પ્રતિમાનો જ પૂજક કહી શકાય અને તેના માટે જિનપ્રતિમાને જિન તુલ્ય માનવાનું ઘટી શકે નહિં પણ જડ સ્પૃહાથી જડનો ઉપાસક બની શકે.

પ્રભુ વીતરાગ છે માટે વીતરાગ દશા પ્રાપ્ત કરવામાં નિમિત્તભૂત થઇ શકે છે, પણ રાગ-દ્વેષના કારણભૂત વૈષયિક સુખના સાધન મેળવવાનું નિમિત્ત બની શકે નહિં. પ્રભુ વૈષયિક સુખના સાધન આપી શકે છે એવી શ્રદ્ધાથી તેમની પાસેથી કેવળ તુચ્છ વૈષયિક સુખની આશા રાખી, તેમને વંદન-પૂજન કરવું અને હંમેશાં ધન-સંપત્તિની માંગણી કરવી તે અજ્ઞાનતા જ કહી શકાય. વીતરાગ દશા મેળવવાની જ શ્રદ્ધાથી પ્રભુવંદન-પૂજન કરતાં ભવસ્થિતિની કચાસને લઇને કદાચ પુન્યબંધ થઇ જાય અને પૌદ્ગલિક સુખના સાધન મળી જાય તો કાંઇ પણ બાધ આવતો નથી; કારણ કે શુદ્ધ શ્રદ્ધાથી કેવળ કર્મની નિર્જરા માટે વંદન-પૂજન કરનાર સાચા સુખનો અભિલાષી હોવાથી અનિચ્છાએ મળેલા વૈષયિક સુખના સાધનમાં આસક્ત બનતો નથી પણ ઉદાસીન ભાવે જરૂર પૂરતો જ તેનો ઉપયોગ કરે છે, પણ પુદ્ગલાનંદી જીવને પુન્ય ઉદયથી જો તે વસ્તુ

મળી જાય તો પ્રભુ બક્ષિસ માની અત્યંત આસક્તિ ભાવે તેનો ઉપયોગ કરવાથી મિથ્યાત્વને પોષીને સંસાર વધારે છે, માટે પ્રભુ મિથ્યાત્વની વૃદ્ધિ કરી સંસાર વધારવામાં નિમિત્ત બની શકે જ નહિ, પણ વીતરાગ દશા પ્રાપ્ત કરી સંસારનો નાશ કરવામાં જ નિમિત્ત હોઇ શકે છે. પ્રભુ પોતે કર્મથી મુકાયા છે તેથી જ તે બીજાને કર્મથી છોડાવનારા છે, પણ કર્મ બંધાવનારા નથી. પુન્ય કર્મના બંધ સિવાય પૌદ્‌ગલિક સુખના સાધન મળી શકે નહિ, માટે જડ વસ્તુની માંગણી કરનાર પુન્ય કર્મનો બંધ માંગે છે. તે પ્રભુ કેવી રીતે બંધાવી શકે અર્થાત્ કર્મથી મુક્ત કર્મ બાંધવામાં કેવી રીતે નિમિત્ત બને ? અને જો કર્મ બાંધવામાં પ્રભુને નિમિત્તભૂત માનવામાં આવે તો અસદ્‌ભૂત અવગુણોનો પ્રભુમાં આરોપ કરવાથી આત્મા અનંતસંસારી બને છે માટે કેવળ પૌદ્‌ગલિક સુખ મેળવવાની ઇચ્છાથી જ કરવામાં આવતું વંદન-પૂજન વીતરાગનું કહી શકાય નહિ પણ કેવળ મૂર્તિનું જ કહેવાય.

કેટલાક માણસો પૌદ્‌ગલિક સુખની આશાથી મિથ્યાદષ્ટિ દેવ, દેવીને નમે છે, પૂજે છે અને બાધા પણ રાખે છે. તેમને જ્યારે પૂછવામાં આવે છે કે તમે વીતરાગના ઉપાસક થઇને મિથ્યાદષ્ટિ દેવ-દેવીઓને શામાટે નમો છો અને પૂજો છો ? ત્યારે તેઓ ઉત્તરમાં જણાવે છે કે-અમે સાંસારિક-પૌદ્‌ગલિક સુખ માટે નમીએ છીએ, પૂજીએ છીએ પણ તારક સમજીને મુકિતના માટે અમે નમતા પૂજતા નથી. જો એમ જ હોય તો પછી પૌદ્‌ગલિક સુખવાળી મિથ્યાદષ્ટિ દેવની જેવી શ્રદ્ધાથી વીતરાગ દેવને પણ પૂજવા નમવાથી મિથ્યાદષ્ટિ દેવમાં અને વીતરાગમાં ફેર શું રહ્યો ? બંનેને એક જ પંકિતમાં મૂકવાની અજ્ઞાનતા જ કહી શકાય. જો કેવળ કર્મની નિર્જરા કરીને વીતરાગ દશા મેળવવાની શ્રદ્ધા-અધ્યવસાયથી જ પ્રભુદર્શન, પૂજન થાય તો જ મિથ્યાદષ્ટિ દેવ-દેવીને જુદા પાડી શકાય અને અનંતચતુષ્ટય મેળવી આત્મવિકાસની શુદ્ધ શ્રદ્ધા હોવા છતાં ભલે પછી પુન્ય જ કેમ ન બંધાય તો પણ દર્શન-પૂજન કરનાર દોષના ભાગી બની શકતા નથી.

પ્રભુપ્રતિમા, સદ્‌ભૂત સ્થાપના નિક્ષેપ છે તેમાં વીતરાગના સદ્‌ભૂત ગુણોનો જ આશય થઈ શકે છે અને સુદેવ તરીકે જ નમન પૂજન થઇ શકે છે, પણ પૌદ્‌ગલિક સુખના સાધન આપી વૈષયિક ઇચ્છાઓ પોષવી તથા નિંદક અને પૂજકને હાનિ લાભ પહોંચાડવારૂપ અવગુણો કે જે વીતરાગદશાના વિરોધી હોઈને રાગી દ્વેષી કુદેવોમાં રહેલા છે તેનો વીતરાગની પ્રતિમામાં આરોપ કરી નમન-પૂજન થાય નહિ. અને તેમ કરવામાં આવે તો કુદેવપણાનો આરોપ કરી નમવા-પૂજવાથી પ્રભુની મહાન આશાતના થાય છે, અને તેથી મહામોહનીય કર્મ ઉપાર્જન કરીને અનંત સંસાર વધારવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે.

આ પ્રમાણે તાત્વિક દષ્ટિથી વિચાર કરીએ તો પ્રભુપ્રતિમાનું દર્શન તથા પૂજન વીતરાગ દશા પ્રાપ્ત કરવાનું જ સાધન બની શકે છે, પણ પુદ્‌ગલાનંદીપણું

# સમુદ્રતીરે ચર્ચા

આજે સમુદ્રતટ પર ફરી વખતે બન્ને મિત્રાનો મેળાપ થયો. બન્ને મિત્રા સંસારના સુખી હોવા છતાં અંતરના ખપી જીવો હતા, સંસારની ઉપાધિમાં ડૂબેલા હોવા છતાં તક મળે ત્યારે તેનાથી પર રહેવાની કળા કેળવતા હતા અને પ્રસંગ મળે ત્યારે માનસશાસ્ત્રની અનેકવિધ ચર્ચામાં ઊતરી જનારા હતા. તેઓ ચર્ચા કરતા તે પ્રમાણે ચર્ચાના વિષયોને મનમાં ઊતારવાનો પ્રયત્ન કરનારા હતા અને જ્યાં પોતાનો પ્રયાસ સિદ્ધ ન થાય ત્યાં પોતાની નબળાઇનો સ્વીકાર કરવામાં સંકોચ વગરના હતા. એકનું નામ હતું **પ્રબુદ્ધ** અને બીજાનું નામ હતું **ધીમાન.** બન્ને પ્રાચીન સાહિત્યમાં રસ લેનારા હોવા ઉપરાંત નવ યુગના ખાસ અભ્યાસી હતા, બન્નેએ એમ. એ.ની ડીગ્રી સંપાદન કરી હતી અને ખાસ વિષયમાં બન્ને ન્યાય અને તત્ત્વજ્ઞાનના પ્રખર અભ્યાસી હતા. માનસશાસ્ત્રના ચાલુ અભ્યાસી હોવા ઉપરાંત પાકા અવલોકનકાર હતા અને દુનિયાના વિશાળ પ્રદેશના અનેક અનુભવો પરથી નવાં નવાં સાર–રહસ્યો સંગ્રહનાર, યોજનાર અને નિરૂપણ કરનાર હતા. વ્યાપારી હોવા છતાં બન્નેએ માનસશાસ્ત્રનો અભ્યાસ જીવંત રાખ્યો હતો અને દુનિયાના અનુભવે તેમની તીક્ષ્ણ વિચારશક્તિને વધારે રસવતી–ફળવતી બનાવી હતી.

ફુરસદ મળે ત્યારે વરલીના સમુદ્રતટ પરના બગીચામાં તેઓ બેસતા અને શાંત વાતાવરણમાં માનસ વિદ્યાના અને મનુષ્યસ્વભાવના અનેક પ્રશ્નો ચર્ચતા. આજે તેઓનો વિષય ખૂબ રસવંતો બન્યો હતો. ધીમાનનું કહેવું એમ હતું કે કેટલાક મનુષ્યો સ્વભાવથી નૈસર્ગિક રીતે હલકા હોય છે અને તેમની પાસે ઊંચા આદર્શો રજુ કરવા તે નિરર્થક છે. તે પોતાના સ્વભાવ પ્રમાણે અંતે પોતાની તુચ્છતા પર ગયા વગર રહી શકતા

---

પોષવા જડાત્મક વસ્તુઓને મેળવવાનું સાધન નથી; માટે જેટલે અંશે રાગ–દ્વેષ પાતળા પાડવામાં આવે તેટલે અંશે પ્રભુદર્શન કર્યું કહી શકાય. રાગ–દ્વેષ સંપૂર્ણ ક્ષય થવાથી સંપૂર્ણ પ્રભુદર્શન થાય છે. જ્યાં સુધી પુદ્‌ગલાનંદીપણું મંદ ન થાય, કષાય પાતળા ન પડે અને વૈષયિક વૃત્તિયો નબળી ન પડે ત્યાં સુધી પ્રભુ–પ્રતિમાનું દર્શન થાય પણ પ્રભુનું દર્શન થાય નહિં. પ્રભુનું દર્શન તે જ આત્મદર્શન અને આત્મદર્શન તે જ પ્રભુદર્શન કહેવાય. ચર્મચક્ષુ–આંખોથી પ્રભુ દેખાતા નથી પણ આત્મ–જ્ઞાન દૃષ્ટિથી પ્રભુ દેખાય છે, માટે તે કેવળજ્ઞાનસ્વરૂપ છે. મિથ્યાત્વનાં પડ ખસે નહિં ત્યાં સુધી આત્મદૃષ્ટિ જ્ઞાનદૃષ્ટિ ઉઘડે નહિં અને આછું–આછું પણ પ્રભુદર્શન થાય નહિં રાગ–દ્વેષનાં પડ જેમ જેમ ખસતાં જાય છે તેમ તેમ જ્ઞાનદૃષ્ટિ સ્વચ્છ થતી જાય છે અને દર્શન પણ સ્પષ્ટતર થતું જાય છે, માટે પ્રભુદર્શન તથા પૂજન કરતી વખતે કર્મ–નિર્જરા કરીને વીતરાગ દશા પ્રાપ્ત કરવાના જ અધ્યવસાય રાખવા અને પ્રભુના સદ્‌ભૂત ગુણોને જ સંભારવા જેથી આત્મશુદ્ધિની સાથે સાથે અનિચ્છાએ પણ પૌદ્‌ગલિક વસ્તુઓ સહજે મળી આવશે.

નથી અને 'તાણ્યો વેલો થઇ જાય' તેમ ગમે તેટલો દેખાવ કરે, પણ અંતે પોતાના હલકા સ્વભાવ પર આવ્યા વગર રહેતા નથી. પ્રબુદ્ધ આ વાત અમુક અંશે સ્વીકારતો હતો, પણ એનું કહેવું એમ હતું કે એવા હલકા સ્વભાવ પણ પ્રયત્નથી, ઉપદેશથી, પરિશીલનથી સુધરી શકે છે, ફેરવાઇ જાય છે અને ક્રમસર પ્રગતિ કરી મૂળ સ્વભાવમાં પલટો કરી નાંખે છે.

પણ ધીમાન આ વાત સ્વીકારતો નહોતો. ધીમાનનું મંતવ્ય એવું હતું કે કોલસાને તમે હજાર પાણીએ ધૂઓ કે તેના પર સાબુના લોટા વાપરો, પણ એની કાળાશ ન જ જાય. પ્રબુધ્ધે આ આખી ઉપમા અયોગ્ય, અપ્રસ્તુત અને અનુચિત્ત છે એમ કહ્યું. એણે હલકા મનુષ્યના સ્વભાવની કાળાશ અને કોલસાની કાળાશમાં ભેદ બતાવવા પ્રયત્ન કર્યો, પણ ધીમાનને ગળે એ વાત ન ઉતરી. એણે તે જ દિવસે હિંદુ ધર્મની આખ્યાયિકા (લેખક—નાનાભાઇ)માંથી વાંચેલ 'હંસકાકીયમ્'ની વાતનો દાખલો આપ્યો. પ્રબુદ્ધને આજે ગંભીર ચર્ચા સાથે વિનોદ કરવાની ઇચ્છા થઇ હતી, એટલે એણે તે વાત વિસ્તારથી કહેવા ધીમાનને સૂચના કરી. ધીમાને કથા શરૂ કરી.

* * * *

ગંગા નદીને કાંઠે એક મોટો વડલો હતો. એ વડલાને આશ્રયે અનેક પંખીઓ વસતા હતા. પૂર્વ દિશામાં પ્રભાત ફૂટયું તે વખતે એ વડલા નીચે ત્રણ રાજહંસો આવ્યા. એ શુદ્ધ સફેદ રંગના શ્વેત રાજહંસો માન સરોવરના વસનારા હતા. એમની મોટી પાંખો સફેદ હતી અને મોતીનો ચારો વીણતી સુંદર લાલ ચાંચ હતી. તેઓ પચાસ ગાઉનો પંથ કરીને આવ્યા છે અને તેમની પાંખમાં થાકની છાયા જણાય છે. મોટી પાંખને સંકેલી તેઓ વડલા નીચે થાક ખાવા બેઠા.

એ વડલા પર એક કાગડો રહે. એની પાંખ તદ્દન કાળી મેશ અને તેથીએ વધારે કાળી એની ચાંચ. એની બે આંખમાંની એક ખોટી અને બે પગમાંનો એક પગ ખાંગો. એની જીભમાં ભારોભાર સરસ્વતી (?) વસે! કાગડાના સર્વ ગુણોથી ભાઇશ્રી અલંકૃત હતા.

ત્રણ હંસોને જોતાં કાગડાભાઇ તો કા કા કરવા મંડી ગયા અને ડાળી પર ઠેકવા મંડી ગયા. એ તો ઘડીમાં ડોક વાંકી કરે, તો વળી ઘડીમાં કાણી આંખ ફેરવે; ઘડીમાં ડાળ પર ઠેકવા લાગે તો વળી ઘડીમાં ચાંચને સાફ કરવા લાગી જાય.

"આ તે કોણ બેઠું છે?" અત્યંત તિરસ્કારથી કાગડો બોલ્યો, અને એક પગ ઊંચો કરી હંસો ઉપર ચરકયો. ત્રણે હંસો તો નિરાંતે બેઠા બેઠા થાક ખાય છે. બે હંસો વૃદ્ધ હતા, એક જુવાન હતો. કાગડાની ચરક પડતાં આ જુવાન હંસે ઊંચે જોયું.

કાગડે પૂછ્યું: "અલ્યા તમે કોણ છો? અહીં કેમ આવ્યા છો? શું વડલો તમારા બાપનો છે?"

હંસોએ જવાબ ન વાળ્યો એટલે વળી કાગડાભાઇને વધારે જોર આવ્યું. તે ચાર

ડાળ હેઠો ઊતર્યો અને વધારે જોરથી કા કા કરવા લાગ્યો. "કેમ બોલતા નથી? મોઢામાં જીભ બીભ છે કે નહિ?"

કાગડો બીજી ચાર ડાળો નીચે ઊતરીને છેક જ પાસે આવ્યો. દરમ્યાન તેનું કા કા તો ચાલતું જ હતું.

અંતે કાગડાના કઠોર સ્વરથી થાકીને એક રાજહંસે જવાબ વાળ્યો: "અમે રાજહંસો છીએ. આજે લાંબો પંથ કરીને થાકી ગયા છીએ, એટલે ઘડીક વિસામો લેવા અહીં બેઠા છીએ. હમણા ચાલ્યા જશું."

"તે કાંઈ ઊડતાં કરતાં આવડે છે કે અમરથી જ આવડી મોટી પાંખો રાખી બેઠા છો?" કાગડાભાઇ તો ફુલાતાફુલાતા પાછા વડલા પર ચડ્યા અને ઊડવા ઠેકવા લાગ્યા.

પેલા ત્રણમાંનો જુવાન હંસ કાગડા પર મીટ માંડી રહ્યો. પણ કાગડાથી રહેવાય? "એમાં જોઈ શું રહ્યા છો? ઊડતા આવડતું હોય તો આવી જાઓ. મને એકાવન જાતની ઊડ આવડે છે. જુઓ આ એક; આ બીજી; આ ત્રીજી; આ ચોથો પ્રકાર. જો જો; વળી આ સાવ નવી!" કાગડાની એકાવન પ્રકારની ઊડ! ડાબી આંખ મીંચે ત્યારે એક પ્રકાર થાય, અને જમણી મીંચે ત્યારે બીજો પ્રકાર થાય; ચાંચને ઊંચી રાખે ત્યારે ત્રીજો પ્રકાર અને નીચી રાખે ત્યારે ચોથો પ્રકાર. કાગડાએ પોતાના એકાવને પ્રકાર આ રીતે ઊભા કરેલા અને એ ભાઈની રમત તો સઘળી વડલા ફરતી!

એ ચાર પ્રકારની ઊડનું વધારે પ્રદર્શન કરી કાગડો નીચે આવે અને છાતી કાઢતો, ધમધમ ચાલતો, હંસો સન્મુખ આવીને બોલે: "આમાંથી કશું આવડે છે?"

આ રીતે ૫૧ પ્રકારની ઊડનું પ્રદર્શન ઉકેલ્યું, પણ હંસો તો જવાબ આપે તો ને? હંસની શાંતિથી કાગડાભાઇ ખૂબ તાનમાં આવી ગયા: "છે તાકાત મારી સાથે ઊડવાની? એકાવન પ્રકારમાંથી કોઇ બે ચાર તો ઊડી બતાવે? લાગો છો તો રૂડા રૂપાળા! શરમ નથી આવતી?"

બન્ને વૃદ્ધ હંસો મૂંગા જ રહ્યા, પણ ત્રીજા જુવાન હંસનું લોહી ઊકળ્યું: "બાપુ! મને જવા દોને?"

એક ઠરેલ હંસે જુવાન બચ્ચાને ઉદ્દેશીને જવાબ વાળ્યો: "આ કાગડે બાપગોતર હંસોને જોયા નથી. આપણે તો માન સરોવરના રાજહંસો કહેવાઇએ. આપણે તે કાગડા સાથે હોડમાં કે હરિફાઈમાં ઊતરવું હોય? આપણે એની સાથે ઊતરીએ એમાં એને ખોટી પ્રતિષ્ઠા મળી જાય. છોને એ બકયા કરતો! આપણે તો હમણાં ચાલતા થઇશું."

પણ પેલા જુવાન હંસના મનનું સમાધાન ન થયું. તેની પાંખમાં ચરચરાટી થવા લાગી; તેનો જીવ દુઃખાવા લાગ્યો. "બાપુ! સહજ તો દેખાડવા દો."

"ના, ના."

પણ જુવાની આખરે ઊછળી. "ભાઈ! તને એકાવન ઊડ આવડે છે. એટલી તો મને નથી આવડતી, પણ એક ઊડ આવડે છે."

"કેટલી? એક? છિટ્, છિટ્! એકમાં તે શું?"

જુવાન હંસે ચાલુ રાખ્યું: "જો એ એક ઊડમાં તમારે ઊતરવું હોય તો ચાલો."

કાગડાભાઇ છાતી ફુલાવતા આગળ આવ્યા: "એક જ? બસ એક જ? ઠીક, ચાલો ત્યારે એક તો એક! પણ મારી એકાવન ઊડ તો જોઇ લીધીને? એક અને એકાવન વચ્ચેનો ફેર તો જાણો છો ને?"

બન્નેની એક ઊડ શરૂ થઇ. વાંકા ટરડાતા કાગડાભાઇ આગળ અને ધીરગતિવાળો જુવાન હંસ પાછળ. કાગડાની બાજી રોજ તો વડલા ફરતી રમાતી, પણ આજે બન્ને નદી તરફ વળ્યા. બન્નેએ ગંગાના ગોઠણબૂડ પાણી મૂકયા અને આગળ નીકળ્યા. કાગડાનો હરખ તો માય નહિ. કાગડાભાઇ તો બળ કરીને આગળ ને આગળ રહે. હંસ તો વગર દરકારે ઊડયે જતો હતો. જરાક જેટલે છેટે જઈને કાગડે પાછળ જોયું અને બોલ્યો: "કેમ બહુ પાછળ રહી જાઓ છો? થાકયા હો તો કહી દેજો. કહેવામાં કાંઇ શરમ બરમ ન રાખીએ. આ તો પાણીનાં કામ છે. અમે તો રાતદિવસના ટેવાયલા રહ્યા. અને તમારે અમારો વાદ કરવો નહિ પાલવે."

હંસે કહ્યું: "કાંઇ ફિકર નહિ, ઊડયે જાઓ. આગળ ધપો."

આગળ કાગડો અને પાછળ હંસ.

વળી થોડુંક ઊડીને કાગડાભાઈ બોલ્યા: "લ્યો, ત્યારે હવે તમે થાકી ગયા હશો, માટે પાછા ફરીએ."

હંસે શાંતિથી જવાબ દીધો: "ના, ના. મને જરાયે થાક નથી લાગ્યો. ઊડયે જાઓ, મારી ચિંતા ન કરો."

આગળ કાગડાભાઈ અને પાછળ હંસ. પણ કાગડાભાઇ તો થાકયા. કંઇ કંઈ બહાનું કાઢીને કાગડો પાછા ફરવાનું કહે, પણ હંસ તો એક જ વેણ બોલે: "ઊડયે રાખો."

છેવટે કાગડાભાઇ થાકયા. એમને શ્વાસ ચડવા લાગ્યો અને પાંખો પાણીને અડવા લાગી. જુવાન હંસ પાછળ ઊડયે આવતો હતો તે બોલ્યો: "કાં કેમ કાગડાભાઇ, આ કયા પ્રકારની ઊડ વારૂ? આ પ્રકાર નવો લાગે છે!"

જરાવાર પછી તો કાગડાભાઇની પાંખો ભીની થઇ ગઇ અને માથું પાણીમાં જા-આવ કરવા લાગ્યું.

"કેમ કાગડાભાઇ! આ તમારો એકાવનમો પ્રકાર તો નહિ? આ ઊડ સૌથી આકરી લાગે છે?"

વગર તરસે પાણી પીતા પીતા વડલાના રાજા કાગડાભાઇ બોલ્યા: "ભાઇ! આ એકાવનમો પ્રકાર નથી. આ તો મારા જીવનનો છેલ્લો પ્રકાર છે."

રાજહંસને દયા છૂટી; તે એકદમ કાગડાની પાસે આવ્યો અને તેને પોતાની પીઠ પર ઊંચકી લીધો.

હંસે કહ્યું : "ભાઇ ! મને એક જ ઊડ આવડે છે. હવે જોઇ લેજે આ મારી એક ઊડ. બરાબર બેસજે હો !"

હંસ તો ઊડ્યો તે ઊડ્યો. હિમાલયનાં શિખરો વીંધીને માનસ સરોવર સુધીનો પંથ કરનાર રાજહંસ, ગંગાનો પટ વીંધી સામે કાંઠે ગયો અને ત્યાંથી મોટું ચક્કર લગાવી કાગડાભાઇને વિશાળ આકાશદર્શન કરાવી પાછો વડલા હેઠળ લાવ્યો. નીચે ઊતર્યો ત્યારે કાગડાના પેટમાં જીવ આવ્યો.

પણ એ તો કાગડાભાઇ !

હંસે જમીન પર પગ મૂક્યા ન મૂક્યા ત્યાં તો કાગડો કા કા કરતો પીઠ પરથી ઊડીને વડલે પહોંચ્યો અને વડલાની એ જ ડાળી પરથી ફરી એક વાર હંસો પર ચરક્યો ! કાગડો બીજું શું કરે ?

રાજહંસો ઘડી પછી ઊડી ગયા.

* * * *

ધીમાને વાત પૂરી કરી અને પછી પોતાનો પક્ષ સાબિત કરવા કહ્યું 'અંતે કાગડો તે કાગડો ! એને હંસનો સંસર્ગ થાય કે એને હંસની ચમત્કારિક ઉડ્ડયન શક્તિનો પરચો થાય તો પણ અંતે એ ચરકવાનું જ કામ કરે. કાગડા કદી રાજહંસ જેવી સાત્વિકતા ધારણ કરી શકે ? અને થોડીવાર સંસર્ગથી સુધરવાના પ્રસંગ દેખે તો પણ અંતે એ કાગડો જ રહે, એ ચરકે જ, એ એની બડાઇ હાંક્યા કરે, એ પોતાના અભિમાનમાં મસ્ત રહે, એ પોતાની બાંડાઇમાં ને બાંડાઇમાં જ ભવ પૂરો કરે.

પ્રબુદ્ધને તે વાત સાંભળવામાં ખૂબ રસ પડ્યો હતો, એને કાગડો બીજી વાર ચરક્યો એ વાત સાંભળી ત્યારે ગમત પણ ખૂબ પડી, પણ એ વાત પરથી જે રહસ્ય તારવણી ધીમાને કરી તેને એ સંમત ન થયો. એણે ધીમાનની આખી ચર્ચાને ઊથલાવી નાખી. એણે વૃદ્ધ રાજહંસોએ કરેલી કાગડાની ઉપેક્ષા સાથે પોતે મળતો થતો નથી એમ જણાવ્યું, રાજહંસોએ પ્રમાણિક પ્રયત્ન કરી કાગડાને ઠેકાણે લઇ આવવો જોઇતો હતો એમ દલીલ કરી અને રાજહંસની ઉપેક્ષા એને દૂષણરૂપ લાગી. કાગડાને સુધારીને રસ્તે લાવી શકાત એની શક્યતા પર એણે ખૂબ ભાર મૂક્યો અને સ્વભાવ ફેરવવા માટે જોઇતી ધીરજ, આવડત અને સહિષ્ણુતાની જરૂરીઆત પર એણે ઠંડે કોઠે વિવેચન કર્યું.

પ્રબુદ્ધનું કહેવું એમ હતું કે મનુષ્યમાં નીચતા સંયોગ અને પરિસ્થિતિને આધારે આવે છે. એ નીચ સોબતમાં ઊછરે કે એના સંયોગો વિપરીત થઇ જાય તો તે નીચ બને છે. એણે એક માબાપના બે પોપટનાં બચ્ચાંનો દાખલો આપી બતાવ્યું કે સંતની મઠ-શ્રેણીમાં ઊછરેલ પોપટ વિવેકનો સાગર થયો અને ચોરની પલ્લીમાં ઊછરેલ તેનો સગો

ભાઇ ગાળો વરસાવનાર અને મારો કાપોના શબ્દો બોલનાર થયો. એમાં પોપટપણાને દોષ નહોતો, પણ એના ઊછેર અને સંસર્ગને સંબંધ હતો.

અને એનો મોટામાં મોટો વાંધો વૃદ્ધ હંસોની શાંતિ તરફ હતો. જો એ વૃદ્ધ હંસોએ કાગડાને બે મીઠાં વચનો સૌમ્ય વાણીએ કહ્યાં હોત અને તેની ઊડ તે ઊડ નહોતી, પણ ચાળા હતા એમ કહી દીધું હોત, તો કાગડાને સુધરવાનો પ્રસંગ મળત. અને પ્રબુદ્ધની નજરે તો જુવાન હંસ વધારે ઉપયોગી કાર્ય કરી ગયો એમ એણે બતાવ્યું. જો એટલી અક્કલ પણ જુવાને ન આપી હોત તો કાગડો તો ફાટીને ઢમઢોલ થઇ જાત. છેવટે પ્રબુધ્ધે કહ્યું કે દૃષ્ટાંત હંમેશા એકદેશીય હોય છે, તેના પર ચારે હાંસો ધ્યાનમાં રાખી ચર્ચા કરવા જઈએ તો ઠીક, નહિતર ઘણી વાર સામ્યતાના વ્યામોહમાં પડી જવાય છે અને પ્રગતિ પંથમાં પાછળ રહી જનારને ગેરઈન્સાફ આપવાને પરિણામે એના વિકાસના માર્ગો બંધ કરી દેવાય છે.

ધીમાનને આ છેલ્લી દલીલ જરાપણ બંધ બેઠી નહિ. એનો વિચારપૂર્વક કરેલો નિર્ણય હતો કે કોલસાને હજાર પાણીએ ધૂઓ તો પણ તેની મેલાશ અને કાળાશ જાય જ નહિ. પ્રબુદ્ધનો સ્પષ્ટ મત હતો કે જન્મથી કોઇ મેલો કે કાળો હોઇ શકે જ નહિ, સમાજના વિચિત્ર તરંગોને આધીન પડી એ ઘસડાય છે, પણ એને મઠના પોપટ જેવી તક મળે તો એનામાં વિકાસ કરવાની શકયતા તો જરૂર છે.

મોડો વખત થવાને કારણે અહીં ચર્ચા બંધ પડી. પ્રબુધ્ધે ધીમાનને સરસ વાર્તા કહેવા માટે અભિનંદન આપ્યું, પણ વાર્તાના પ્રવાહમાં તણાઇ જઇ સસને મારી ન નાખવાની વિજ્ઞપ્તિ કરી. આનંદ ચર્ચા કરતા બન્ને મિત્રો ખૂબ ગંભીર બની ગયા હતા. પરસ્પર પ્રેમ બતાવી બન્ને આનંદથી છૂટા પડ્યા અને આવા માનસશાસ્ત્રના કોયડા પર ચર્ચા કરવાની તક વારંવાર લેવાની ઇચ્છા બતાવી પોતપોતાને ઘેર જવા માટે મોટરમાં બેસી ગયા. અવકાશે તેમના માનસશાસ્ત્રના કોયડાની તત્ત્વદૃષ્ટિએ થતી ચર્ચા પર આપણે અવારનવાર દૃષ્ટિનિક્ષેપ કરવાની ભાવના રાખીએ.

મૌક્તિક

## ઉપદેશક દુહા.

**દોસ્ત પારખીએ દાતણ કરતાં, સગો પારખીએ સાંઇ;**
**સ્ત્રી પારખીએ ત્યારે કે, જ્યારે ઘરમાં ન હોય કાંઇ.**

**કરી ભરોંસો કર્મનો, કહે થશે થાનાર;**
**આપ તજે ઉદ્યોગને, એ પણ એક ગમાર.**

# જગતિપતા જગડુશાહ અને અનુકંપાદાન

લેખક—આચાર્ય શ્રી વિજયપદ્મસૂરિજી

અવિચ્છિન્ન પ્રભાવશાલી ત્રિકાલાબાધિત શ્રી જૈનેન્દ્ર શાસન અનુપમ લોકોત્તર છે. કારણ તેનો પ્રભાવ હાલ પણ સર્વત્ર અસ્ખલિતપણે પ્રસરી રહ્યો છે. પરમ પુણ્યોદય હોય તો જ તે મળી શકે છે. તેમાં પણ પરમ ઉલ્લાસથી તેની નિર્મલ આરાધના કરનાર પ્રબલ પુણ્યશાલી ભવ્ય જીવો વિરલા જ હોય છે. દાન-શીલ-તપ વગેરેની આરાધના કરનારા ભવ્ય જીવોમાં અનુકંપાદાનના પ્રસંગે શ્રી ઉપદેશસાર વગેરે ગ્રંથોમાં જગડુ શ્રાવકનું દૃષ્ટાંત જણાવ્યું છે. જો કે ઉપદેશતરંગિણી, ચતુર્વિંશતિ પ્રબંધ, ઉપદેશપ્રાસાદ, પ્રબંધચિંતામણિ વગેરે ગ્રંથોમાં અનુકંપાદાનના પ્રસંગે જગડુ શ્રાવક સિવાયના બીજા પણ ઘણાં દૃષ્ટાંતો વર્ણવ્યા છે; છતાં પ્રતિકૂલ સંજોગોમાં પૂર્વ ભવની પુણ્યાઇથી મળેલી લક્ષ્મીની મોહ જાળમાં ન ફસાતાં ભયંકર દુકાળ જેવા પ્રસંગે તેણે ઉદારતા વાપરી જે અનુકંપાદન દીધું તે ઘણી જ હદ કરી કહેવાય. જગડૂશાહ જ્યારે પૂર્વે સાધારણ સ્થિતિમાં હતા ત્યારે ન મુંઝાતા ધૈર્ય રાખી નિર્મલ ભાવે કાયાથી ધર્મારાધન કરતા હતા. જ્યારે ધનવંત થયા ત્યારે અહંકારી ન થતાં લક્ષ્મીની ચપલતા સમજીને છૂટે હાથે સુપાત્રદાનની માફક અનુકંપાદાન તરફ દ્રવ્યાદિનો વિચાર કરી વધારે લક્ષ્ય રાખતા હતા. તેમનું જીવનચરિત્ર વાંચતાં કેટલીક જાણવા જેવી બીના ભવ્ય જીવોને બોધદાયક જાણી,-નીચે પ્રમાણે જણાવું છું.

૧-જગડુ શ્રાવકે દુકાળમાં જુદા જુદા સ્થળે ૧૧૨ સદાવ્રત માંડ્યાં, તેમાં પાંચ લાખ માણસો જમતા હતા.

૨-તેણે તે જ દુકાળમાં પાટણના રાજા વિસલદેવને ૮૦૦૦ હજાર મૂંડા ધાન્ય અને સિંધના રાજા હમીરને ૧૨૦૦૦ હજાર મૂંડા અનાજ આપ્યું.

૩-ગિજનીનો સુલતાન જગડુ પાસે માગવા આવતાં જગડૂશાહ તેની સામે ગયા. તેને સુલ્તાને પૂછ્યું કે-તું કોણ? જવાબમાં જગડૂએ કહ્યું કે હું જગડૂ. સુલ્તાને કહ્યું કે-તું દાન આપે છે, તેથી ખરેખર જગત્પિતા કહેવાય છે, તે વ્યાજબી છે. અવસરે તેણે અનાજ માગ્યું ત્યારે જગડુએ કહ્યું કે-ઠીક. પણ અનાજના કોઠાર ઉપર લખ્યું હતું કે-આ અનાજ નિર્ધનને આપવું. આ અક્ષરો વાંચીને સુલતાને કહ્યું કે-હું જાઉં છું, કારણ કે રંકને દેવા માટે જે અનાજ હોય, તે લેવાની મારી ઇચ્છા થતી નથી. સુલ્તાનના આવા વેણ સાંભળીને રંકને દાન દેવાના કોઠાર સિવાયના બીજા કોઠારોમાંથી ૨૧૦૦૦ હજાર મૂંડા અનાજ આપ્યું. કહ્યું છે—

આઠ હજાર જ વીશલને, બાર હજાર હમીર ॥<br>
એકવીશ સુલ્તાનને, આપે જગડૂવીર ॥ ૧ ॥

ઉજ્જૈનના રાજા મદનવર્માને ૧૮ હજાર મૂંડા, દિલ્હીના રાજા મોજઉદ્દીનને ૨૧૦૦૦ મૂંડા, કાઠીનરેશ પ્રતાપસિંહને ૩૨ હજાર મૂંડા, કંધાર દેશના રાજાને ૧૨ હજાર મૂંડા

અનાજ આપ્યું. એકંદર ૯ લાખ ૯૯ હજાર મૂંડા અનાજ આપ્યું, ને તેણે યાચકોને અઢાર કરોડ દ્રમ્મનું દાન કર્યું.

૪. કામન્દકીય નીતિસારમાં નીતિના પાંચ અંગ આ રીતે જણાવ્યા છે.

**सहायाः साधनोपाया, विभागो देशकालयोः ।**
**विनिपातप्रतीकारः, सिद्धिः पंचाङ्गमिष्यते ॥ १ ॥**

૧. મિત્રરાજાઓ, ૨ કાર્ય સાધવાના ઉપાયો, ૩ દેશ અને કાળને અનુસરતી વ્યવસ્થા, ૪ આપત્તિ ટાળવાનો ઇલાજ (તેનું જ્ઞાન અને તેની યોજના), ૫ કાર્યસિદ્ધિ. નીતિના એ પાંચ અંગોના જાણકાર જગડુશાહ હતા.

૫. જેમ સૂર્યકાંતમણિમાં સૂર્યના કિરણો પડે તો અગ્નિ ઉત્પન્ન થતો મનાય છે, તેમ ચંદ્રકાંતમણિ માટે પણ કહેવાય છે કે તેની ઉપર ચંદ્રના કિરણો પડે ત્યારે તેમાંથી પાણી ઝરે.

૬. વીસ કોડીની એક કાકિણી થાય, ૪ કાકિણીનો એક પૈસો, ને ૧૬ પૈસાનો દ્રમ્મ (પા રૂપિયો, પાવલી) થાય. કહ્યું છે કે-**वराटकानां दशकद्वयं यत्, सा काकिणी ताश्च पणश्चतस्रः ॥ ते षोडश द्रम्म इत्यादि.**

૭. દાન, માન, વિવેક, સુવાણી, સુનીતિ, સાહસ, કીર્ત્તિ, ધૈર્ય, સભ્યતા, લજ્જા, વડીલો પ્રત્યે નમ્રતાવાળું વર્ત્તન, દયા, યોગ્યતા, સદ્ભાવના, હિંમત, વગેરે ગુણોને ધારણ કરનારા જગડુશા શ્રાવક વીશાશ્રીમાલી જ્ઞાતિના સોલ્હા શેઠના પુત્ર હતા. ને તે પંચાલ દેશના ભદ્રેશ્વર ગામમાં રહેતા હતા. કયો વિવેકી પુરુષ ગુણી જનના ગુણો સાંભળી રાજી ન થાય?

૮. જગડુ શ્રાવકે ૧૦૮ જિનાલયો નવાં કરાવ્યા, ને સંઘ કાઢી ગિરિરાજ શ્રી શત્રુંજયતીર્થની ચતુર્વિધ સંઘ સાથે ત્રણ વાર યાત્રા કરી.

૯. સાધર્મિક બંધુઓ, સીદાતા છતાં પણ ખાનદાનીને આંચ આવવાનો ભય, શરમ વગેરે કારણોથી દાન લઇ શકે નહિ. આ ઇરાદાથી જગડુશાહ લાડવાની અંદર ગીનીઓ ગોઠવીને કરોડો મોદકો તૈયાર કરાવી દાન દેતા હતા. વ્યાખ્યાનાદિ પ્રસંગે પ્રભાવના પણ કરતા હતા. કોઇને વિશેષ આપવા જેવું લાગે તો તેવી વ્યકિતઓને વધારે ગીનીઓવાળા મોદકો દેવાની સૂચના પણ પ્રભાવના વ્હેંચનાર માણસને કરતા હતા. આવી પ્રભાવના સૌ કોઇ લઇ શકે, આવી જાતના મોદકો લજ્જાપિંડ કહેવાય. કીર્ત્તિની ઇચ્છા રાખ્યા વગર લેનારની આબરૂને આંચ ન આવે, લેતાં સંકોચ પણ ન થાય, આ વસ્તુ તરફ ધ્યાન રાખી જગડુની દાન દેવાની આ યુકિત હાલના જૈનેન્દ્રશાસનના પરમારાધક, લક્ષ્મીની ચપલતાને યથાર્થ સ્વરૂપે સમજનાર-ધર્મિષ્ઠ-ધનવંત શ્રમણોપાસકોએ (શ્રાવકોએ) યાદ રાખી જરૂર અમલમાં મૂકવી જોઇએ. જગડુ શ્રાવક દુકાળમાં દાન દેતી વખતે આડો પડદો રાખતા હતા ને વચમાં પડદાની બ્હાર રહેલ લેનાર ખાનદાન માણસનો હાથ પોતાની પાસે આવી શકે, તેવું મોટું છિદ્ર રખાવી દાન દેતા હતા. હાથની દેખા તપાસતાં કોઇ દાન લેવા આવનાર ખાનદાન માણસ વધારે દુઃખી જણાય તો તેને બહુ કીંમતી રત્ન વગેરે પણ દેતાં અચકાતા ન હતા.

૧૦. દીનારમાં ૩૨, રતિભાર સોનું આવે છે.

૧૧. સૂંઠ, મરી, ને પીંપર એ ત્રિકટું કહેવાય.

૧૨. વરાહમિહિરે સં. ૫૯૪માં પંચસિદ્ધાંતિકા નામનો ગ્રંથ રચ્યો.

૧૩. કાલિદાસ નામના કવિ-બે થઇ ગયા. એક, વિક્રમ રાજાના રાજ્યકાલે ને બીજો ભોજ રાજાના રાજ્યસમયે થયો.

૧૪. સિદ્ધગિરિ, સમુદ્રની સપાટીથી ૧૯૭૭ ફુટ ઊંચો છે.

૧૫. પૂર્વે હરિવંશ કુલના યદુરાજા મથુરા નગરીમાં રાજ્ય કરતા હતા. તેને સૂરકુમાર નામે પુત્ર હતો, તેના બે પુત્ર ૧ શૌરિકુમાર. ૨ સુવીરકુમાર. સૂરરાજાના મરણ પામ્યા બાદ શૌરિકુમાર મથુરાનો રાજા થયો. તેણે આ રાજ્ય નાના ભાઇ સુવીરકુમારને દઇને કુશાવર્ત્ત દેશમાં જઇ શૌર્ય( સૌરિ )પુર વસાવી, રાજ્ય કર્યું. રાજા શૌરિને અંધકવૃષ્ણિ નામે, ને સુવીર રાજાને ભોજવૃષ્ણિ નામે કુંવર હતો. અંધકવૃષ્ણિને સમુદ્રવિજય વગેરે દશ કુંવરો હતાં, તેમાં મોટા સમુદ્રવિજય, તે, શ્રી નેમિનાથના પિતા થાય. ને નાના વસુદેવના બે પુત્ર. ૧. કૃષ્ણ વાસુદેવ ૨. બલરામ ( બલદેવ ) તથા ભોજવૃષ્ણિને ઉગ્રસેન નામે પુત્ર હતો, તે મથુરાનો રાજા હતો. તેને કંસકુમાર નામે પુત્ર હતો.

૧૬. જગડૂશાહ પરમોપકારી શ્રી ગુરુ મહારાજના દર્શન કરીને બહુ જ ખુશી ખુશી થઇ જતા હતા. તેના ચરિત્રમાં આ બીના દૃષ્ટાંતો દઇને સરસ રીતે સમજાવી છે. તે આ પ્રમાણે—

જેમ મોર મેઘને જોઇને, ચક્રવાક પક્ષી સૂર્યને જોઇને, ચકોર પક્ષી ચંદ્રને જોઇને રાજી રાજી થઇ જાય, તેમ જગડૂશાહ શ્રી ગુરુમહારાજને જોઇને રાજી રાજી થઇ ગયા.

૧૭. અષ્ટાપદ પર્વતને અંગે જગડૂ ચરિત્રની ટિપ્પણીમાં જણાવ્યું છે કે અયોધ્યાથી ૧૯૨૦૦ કોસ ઉપર ઇશાન ખૂણામાં હિમાલય પર્વતની પેલી મેર રહેલ ઉત્તરા ખંડમાં અષ્ટાપદ પર્વતની ઉપર ભરતચક્રીએ જિનાલયો બંધાવ્યા. તે પર્વત ઊંચાઇમાં ૩૨ ગાઉ છે ને ચાર ચાર ગાઉને આંતરે એકેક પગથિયું હોવાથી તે અષ્ટાપદ કહેવાય છે.

આ રીતે બહુ જ સંક્ષેપે ( ટૂંકમાં ) આ જગડૂ શેઠની બીના જણાવવાનો ખરો મુદ્દો એ છે કે—પરમ પુણ્યોદયે શ્રી જૈનેન્દ્ર શાસનને પામેલા શ્રદ્ધાળુ ધનવંત શ્રમણોપાસક વગેરે ભવ્ય જીવો પરમ પૂજ્ય પરમોપકારી શ્રી આચાર્ય ભગવંત વગેરે મહાપુરુષોના ઉપદેશથી કે પોતાની ક્ષાયોપશમિક બુદ્ધિબલથી દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવ તરફ લક્ષ્ય રાખીને હાલ સાધર્મિક ભક્તિ તરફ તીવ્ર ઉત્કંઠા ધરાવે, એ શ્રી જિનશાસનની અપૂર્વ છાયાનો જ પ્રભાવ. વ્યાજબી જ છે કે હાલનો ટાઇમ, બીજા તો એક બાજુ રહ્યા, પણ બુદ્ધિશાલી વિચારક મધ્યસ્થ પુરુષોને ખરી ચેતવણી આપનારો છે તેમજ અનિત્યતાનો સત્ય બોધ દેનારો, શાંતિનો તથા સંપનો સત્ય પાઠ શીખવનારો, તેમજ આત્મદૃષ્ટિને સતેજ કરનારો, વળી જૂના વેર-ઝેરને ભૂલાવનારો, નવા વેર-ઝેરના કારણો પ્રત્યે તિરસ્કાર ઉપજાવનારો, તથા માનસિક વાચિક કાયિક પ્રવૃત્તિને નિયમિત બનાવનારો, તેમજ મોક્ષના પંથે વધારે પ્રયાણ કરાવનારો છે એમ સૌ કોઇ જરૂર કબૂલ કરશે જ.

એ વાત ધ્યાન બહાર નથી જ કે-હાલ પણ સમયને સૂક્ષ્મદૃષ્ટિથી તપાસીને જૈનો સાધર્મિક ભક્તિ પ્રત્યે જેટલી લાગણી દર્શાવે છે, ને તેને અમલમાં મૂકી શક્તિ ને ભાવ પ્રમાણે સાધર્મિક ભક્તિનો જે લાભ લે છે ને લેવાની પ્રેરણા કરે છે, તેવું કામ અન્યત્ર

અંશે પણ થતું હોય તેમ જણાતું નથી; માટે જ ત્યાગી મહાત્માઓ પણ હાલ શ્રમણોપાસકાદિક ભવ્ય જીવોને સાધર્મિક ભક્તિનો લાભ લેવા સચોટ સવિશેષ ઉપદેશ આપવાનું ઉચિત માને છે. તેમ કરવામાં સાત ક્ષેત્રોમાંથી એક પણ ક્ષેત્રને પોષણ કરાવવાનું કામ બાકી રહેતું જ નથી, કારણ કે નિશ્ચયે કરીને સમજવું કે સાધર્મિક બંધુને ટકાવવાથી સાતે ક્ષેત્રો ટકશે. સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા-જિનમંદિર-જ્ઞાનભંડારની પણ તે સાધર્મી બંધુ ખબર રાખશે, ટકાવશે, મદદ કરશે. તે જો સીદાતો હશે, તો છએ ક્ષેત્રોને ધક્કો પહોંચશે. આવા અનેક મુદ્દાઓને લક્ષ્યમાં રાખીને પ્રભુ શ્રી તીર્થંકર દેવે ફરમાવ્યું છે કે-'સાત્વિક ભાવે જ્ઞાન અને વિધિપૂર્વક સાધર્મિક ભક્તિને કરનારા ભવ્ય જીવો નિકાચિત તીર્થંકરનામકર્મ બાંધી ભવિષ્યમાં તીર્થંકર પદવીને ભોગવી, મુક્તિના અવ્યાબાધ સુખ જરૂર પામે છે.' આમ કહેવાનું ખરૂં રહસ્ય એ છે કે-સાતે ક્ષેત્રોમાંના કોઇ ક્ષેત્રની આરાધના કરવામાં ગાડરિયા પ્રવાહ જેવી પ્રવૃત્તિ ન જ કરવી જોઇએ. કયા ટાઇમે કયા ક્ષેત્ર તરફ વધારે ધ્યાન આપવાની જરૂર છે ? આ વિચાર કાયમ જરૂર કરવો જ જોઇએ. આ નિયમ પ્રમાણે જેને એક રૂપિયો સાતે ક્ષેત્રોમાં વાપરવાની ઇચ્છા હોય, તે ભવ્ય જીવ જો હાલના વખત પ્રમાણે દશ આના સાધર્મિક ભક્તિમાં, ને ૬ આના બાકીના ક્ષેત્રોમાં વાપરે, તો તેમાં લગાર પણ અનુચિતપણું છે જ નહિં, એમ કરવામાં શ્રી જિનશાસનની અવિચ્છિન્ન મર્યાદાનું પાલન પણ થાય છે, ને એક પણ ક્ષેત્રને આંચ પણ આવતી નથી. સાધર્મિક વાત્સલ્યના આવા સૂક્ષ્મ રહસ્યને જાણનારા ભવ્ય જીવો શ્રી જૈનેન્દ્ર શાસનમાં પૂર્વે ઘણાં થઇ ગયાં, તેમાંના આ જગડૂશાહ હતા. તે સમયે વર્ત્તમાન આચાર્યાદિ મહાપુરુષોએ તેના દાનાદિ ગુણો ઉપર રહેલા અનુરાગથી 'જગડૂ ચરિત્ર' વગેરે નામથી તેના ચરિત્રોની રચના કરી હતી. તેમાંના કેટલાએક ચરિત્રો હાલ પણ મળી શકે છે. તેમાં જણાવેલી બીનાનો સાર એ છે કે-જગડૂશાહ પોતાની પૂર્વાવસ્થામાં સામાન્ય સ્થિતિના એક શ્રાવક હતા. તે વખતે દુઃખના પ્રસંગે મુંઝાતા ન હતા, કારણ કે તે સમજતા હતા કે આ દુઃખનો પ્રસંગ પાપરૂપી કચરાને દૂર કરનાર છે, માટે સમતાભાવે સહનશીલતા વાપરી મનથી ને કાયાથી વધારે ધર્મારાધન કરવામાં જ લાભ છે. ઢાંકેલા કર્મની કોઇપણ છદ્મસ્થ આત્માને પ્રાયે ખબર હોતી નથી, માટે જ કયું કર્મ (પુણ્ય કે પાપ) કયા ક્ષેત્રમાં કયા નિમિત્તે કયા ટાઇમે ઉદયમાં આવી ચાલુ સ્થિતિમાં કેવો ફેરફાર કરશે ? તે વસ્તુને જાણી શકતો નથી. જગડૂશાહની બાબતમાં તેવો જ બનાવ બને છે. લક્ષ્મી માગી મળતી નથી પણ ભાગ્યોદયં અચાનક થઇ જાય, તો વગર માગી ઘરને આંગણે પગમાં પડતી આવે છે. આયતનની સેવા, સત્પુરુષોની સોબત, ખરા દિલથી દાનાદિ ધર્મની સાત્વિકી આરાધના વગેરે કારણોથી ભાગ્યોદય થાય છે. તેવા સાધનોની સેવનાથી બાંધેલ પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય થાય છે, ત્યારે જગડૂશાહને અનાયાસે લક્ષ્મી મળે છે. તે બીના ટૂંકામાં આ પ્રમાણે જાણવી.

એક વખત જગડૂશાહ સાંજનું પ્રતિક્રમણ કરી રાતે અંધારામાં નવકાર ગણુતા હતા. તે કોઇપણ જાણતું નથી. સાધુઓએ એક પહોર રાત ગયા બાદ આકાશમાં જોયું,

તો જણાયું કે ચંદ્ર રોહિણી શકટને ભેદી રહ્યો છે. તે જોઇને તેમણે ગુરુને આ બીના જણાવતાં ગુરુમહારાજે ખાત્રી કરીને તેનું રહસ્ય સમજાવતાં પહેલાં પૂછયું કે અહીં અત્યારે આપણા સિવાય બીજો કોઇ છે કે નહિ? જવાબમાં સાધુઓએ કહ્યું કે અહીં તેવો કોઇ નથી. તેમને અહીં જગડૂશા છે, એની ખબર ન હતી. ગુરુએ સાધુઓને કહ્યું કે હાલ આકાશમાં જે યોગ વર્ત્તે છે, તેનું ફલ વિ. સં. ૧૩૧૫ની સાલમાં ભયંકર દુકાલ પડશે તે છે. તે સાંભળી સાધુઓએ ગુરુને પૂછયું કે–તે વખતે દુઃખી જગતનો ઉદ્ધાર કરનાર કોઇ થશે? જવાબમાં ગુરુએ જણાવ્યું કે સૂરિમંત્રના અધિષ્ઠાયક દેવે મને પહેલેથી જ જણાવ્યું છે કે–" આ ભદ્રેશ્વર ગામનો રહીશ જગડૂશાહ દાનશાલા ખૂલ્લી મૂકી યાચકોને જમાડવા, દુકાલમાં રીબાતા ઘણાં રાજાઓને મૂંડા પ્રમાણ અનાજ આપવું, જરૂરિયાત જણાતાં રોકડ નાણાંનું પણ દાન, વગેરે પ્રકારે જગતમાં રહેલા દુષ્કાલમાં પીડાતા લાખો માણસોના દુઃખને દૂર કરશે." આ સાંભળી સાધુઓએ ગુરુને કહ્યું કે તેની પાસે એટલું ધન કયાં છે? કે જેથી આપના કહ્યા મુજબ કામ કરી શકે. જવાબમાં ગુરુએ જણાવ્યું કે–એના ઘરના વાડામાં ધોળા આકડાની નીચે જમીનમાં ત્રણ કરોડ રૂપિયાથી ભરેલો ચરુ દાટ્યો છે. વગેરે વચનો સાંભળીને ત્યાં રહેલા જગડૂશાહે વિચાર્યું કે ગુરુમહારાજ મારે માટે આવી બીના જણાવે છે તેથી માનું છું કે હજુ પણ મારું ભાગ્ય ચળકતું છે. આ રીતે વિચારી મૌનપણે ત્યાં રહી સવારે ઘેર જઇ તપાસ કરી તો, તે જ પ્રમાણે ત્રણ કરોડ રૂપિયાનો ચરુ મળ્યો. તેને બ્હાર કાઢી, ગામે ગામ તેણે ધાન્યનો સંગ્રહ કરાવવાનો વિચાર નક્કી કર્યો. જમીનમાંથી નીકળેલા દ્રવ્યથી મલબાર વગેરે સ્થળે લાકડાની વખારો ભરાવી, સારા નોકરો મારફત વ્હેપાર કરાવ્યો. ત્યાંથી પોતાના નોકરે ૨૫૦૦ રૂપૈયા દઇને મેળવેલા પાષાણમાં સ્પર્શપાષાણના પાંચ ટૂકડા છે એમ યોગિના કહેવાથી જાણી તેમાંથી તે પાંચે પાષાણ ખંડ બ્હાર કાઢયા. આ સ્પર્શપાષાણનો પ્રભાવ એવો છે કે તેને લોઢું અડે તો સોનું થઈ જાય. આ બનાવથી અને મળેલ આટલા ધનથી હવે જગડૂશાહને ખાત્રી થઇ કે ગુરુનું વચન સાચું જ પડશે. વિકરાલ દુકાલ પડ્યો ત્યારે તેણે ગામોગામ ધાન્યનો સંગ્રહ કરાવી દુકાલપીડિત જીવોને અન્નદાન દીધું ને અપાવ્યું, તેની સ્પર્દ્ધા કરતાં મોટા મોટા રાજા પણ થાકી ગયા. વગેરે બીના દાનપંચકની તાત્ત્વિક ભાવના વગેરેમાં વિસ્તારથી જણાવી છે. લેખ વધી જવાના કારણે આ હકીકત ટૂંકામાં જણાવી છે.

સાધર્મિક ભક્તિને અંગે ભાવનાકલ્પલતામાં બીજા પણ દૃષ્ટાંતો જણાવ્યા છે. જગડૂશાહ બાર વ્રતધારી પરમ શ્રાવક હતા. તેમણે દાન, શીલ, તપની પૂર્ણ ઉલ્લાસથી આરાધના કરી, અંતે સમાધિમરણ પામી મહર્દ્ધિક દેવપણું મેળવ્યું. ત્યાંથી ચ્યવી મહાવિદેહમાં મોક્ષે જશે. જરૂરી બીના બહુ જ ટૂંકામાં અહીં દર્શાવી છે. ભવ્ય જીવો શ્રાવક જગડૂશાહની માફક સાધર્મિક ભક્તિનો પૂર્ણ ઉલ્લાસથી લાભ લઇ, મોક્ષમાર્ગની સાત્ત્વિક આરાધના કરી મુક્તિના અવ્યાબાધ સુખને પામે, એ જ અભિલાષા.

# અધ્યાત્મ-શ્રીપાલ ચરિત્ર

( ૫ )

## પ્રસંગ ૧૦ મો

પૂજ્ય માતુશ્રી, હું પરદેશ જવા ઇચ્છું છું તે તમારા આશીર્વાદ પામીને, તમારા દિલમાં જરા પણ રંજ પેદા કરીને તો નહીં જ. માતાના ઉપકારનો બદલો વળી શકે તેમ નથી જ. એક કવિએ ગાયું છે કે 'જનનીની જોડ સખી નહીં મળે રે' એ જરા પણ ખોટું નથી. મારા પ્રત્યેના સ્નેહથી આકર્ષાઈ તમે દુઃખ વેઠવામાં કચાશ નથી રાખી. નજર સામેથી મને દૂર જતો જોઇ તમારી છાતી ચીરાઇ જાય એ સહજ છે. અંતરના આશીર્વાદ હોય તો જ હું ડગલું ભરવાનો.

આમ છતાં વહાલી માતા, મુખ્ય પ્રશ્ન તો એ છે કે તમો વીર જનનીપણું ઇચ્છો છો કે નહીં? કુળદીપકની મા તરીકે ઓળખાવા માંગો છો કે કેમ? કવિ ઉકિત પ્રમાણે તો ત્રણ પ્રકારનાં પુત્રોની માતા પ્રશંસાપાત્ર છે; કયાં તો દાતાર દીકરાની, વા ભકત બનનાર પુત્રની, અથવા તો પરાક્રમ દાખવી કુખ દીપાવનાર જાયાની. શ્વસુરવાસની સાહ્યબી પર તાગડધિન્ના કરનાર શ્રીપાલમાં હાલ તો દાતારી લેવાની શકિત નથી, તેમ એને નથી ભક્ત ગણાવાની તમન્ના, એની નાડીમાં ક્ષત્રિયોચિત રક્ત વહી રહ્યું છે, એની ભુજાઓ શસ્ત્ર ધારણ કરવા સમર્થ છે એ આધારે એ શૂરવીરોની નોંધમાં સ્વનામ નોંધાવા માગે છે.

માતા તને આ વાત નથી ગમતી! તારો બાલુડો પોતાના પરાક્રમે પોતાના બાપિકા વારસાને-અરે ચંપાના રાજ્યને-હસ્તગત કરે એ શું હર્ષનો વિષય નથી? મધરાતે એકલી-અટુલી, પહેરેલાં વસ્ત્રભેર ચાલી નિકળનાર પુત્રવત્સલ જનનીને પુનઃ રાજમાતાના સ્થાને અલંકૃત કરે અને હકદારનો હક ડુબાડવાનો જેણે આ પ્રપંચ રચ્યો તેને પરાજય પમાડે એ તારી અંતર્ગત ઇચ્છા નથી? સાહસ વિના એ શકય નથી. પરાક્રમના પરચા માટે પરદેશ અનુકૂળ ક્ષેત્ર લેખાય. જેમ નાનું સિંહ શાવક નિર્ભયપણે સર્વત્ર વિચરે છે તેમ નાનો એવો ક્ષત્રિય બાળક સારીય પૃથ્વીમાં નિડરતાથી ઘૂમે છે. એ પોતાની ભુજાના બળ પર મુસ્તાક રહે છે. એનો આત્મવિશ્વાસ અચળ હોય છે. એને મન પરદેશ જેવી ચીજ જ નથી. તેથી તો કહેવાય છે કે-'વીરભોગ્યા વસુન્ધરા.'

પ્યારા તનુજ! તેં જે જે કહ્યું તે સાચું જ છે. આંધળાની આંખ અને પાંગળાની લાકડી સમા તને દૂર જતાં હું સહી શકતી નથી. મેં પણ રાજપૂતી ધાવણ ધાવ્યું છે. માલવપતિ સ્હાય આપવા તૈયાર છે. શા માટે એ સ્વીકારી પિતાનું રાજ્ય પાછું મેળવવાની ના પાડે છે? કારણ પ્રસંગે અરસપરસની મદદ મેળવવામાં ક્ષાત્રધર્મને જરા પણ નાનપ નથી આવતી. આ તો વળી નજીકના સંબંધી છે.

મા, વ્હાલી મા, સિંહરથનો શ્રીપાલ પોતાના બળ પરાક્રમે પ્રકાશિત થવા ઇચ્છે છે. એને આત્મતેજથી આગળ આવવાના કોડ છે. જેના ભાગ્યનો ચમકારો અલ્પકાળમાં જણાઇ આવ્યો છે તેને વધુ ચમત્કૃતિ દાખવતું કાં રોકે છે? 'પુરુષના તઙ્બીર આડું પાંદડું' એ કિંમતી વચન શા સારુ ભૂલી જાય છે? માતાના હૃદયથી બાળક આઘો જતો જ નથી–ભલેને પછી એ તેણીના અંકમાં રમતો હોય કિંવા ધરતીના છેડે ઘુમતો હોય. મારે તો તારા અંતરના આશીર્વાદ જોઇએ છે.

શ્રીપાલ તારો મક્કમ નિશ્ચય જ છે તો મારા તને સર્વ પ્રકારે આશીર્વાદ છે. તારું કલ્યાણ થાવ. પણ મયણાની રજા લીધી? પુત્ર, એની સલાહ વિના એક ડગલું પણ ન ભરીશ. એ સામાન્ય સ્ત્રી નથી પણ કુળવન્ત તારણહાર દેવી છે.

× × ×

**પ્રસંગ ૧૧ મો.—**

એકાંત મળતાં જ મયણાસુંદરીને પોતાનો પરદેશગમનનો વિચાર શ્રીપાલે કહી સંભળાવ્યો અને માતુશ્રી સાથેની વાતચિત ટૂંકમાં જણાવી, અંતમાં ઉમેર્યું કે–' મનોનુકૂળા પ્રિયા તરીકે તારી અનુમતિ હશે. '

સ્વામીનાથ! મારાથી સાહસ અને પુરુષાર્થની આડે તો ન જ અવાય, બાકી દેહની છાયા સમ હું તમારી સાથે આવવા તૈયાર જ છું. મારા તરફથી આપને જરા પણ તકલીફ પડનાર નથી.

અરે! આ તો નવી વાત, રાજ્યમહાલયના સુખોમાં ઉછરેલી તને હું સાથમાં લઇ જઇ શું કરું? મારો માર્ગ કાંટાળો છે. કયા કયા સંયોગોનો સામનો કરવો પડશે, અને કેવા કેવા અનુભવોમાં અટવાવું પડશે, એ જ્યાં અચોક્કસ છે ત્યાં તારો સાથ મને દુઃખરૂપ ને પગબંધન સમ થઇ પડે. તારા સરખી કોમલાંગીને એથી કેવળ કષ્ટ અને પરિતાપ જ લાભે.

સતીનો સધિયારો પતિ છે. લગ્નકાળની પ્રતિજ્ઞામાં જ એનું સૂચન છે. સુખ અને દુઃખ કિંવા સંપત્તિ અને વિપત્તિમાં સાથે રહેવાનો મારો ધર્મ છે. એ હું બરાબર સમજું છું. મને અર્ધાંગના તરીકે અદા કરવાની ફરજોનું ભાન છે. તમો જે કસોટીઓ વચ્ચેથી પસાર થશો એમાં હું ઉમંગભેર સાથ પૂરીશ. અત્યારનું સુખી અને સગવડભર્યું જીવન એમાં આડે નહીં આવે. શ્રીરામચંદ્ર પાછળ સતી સીતા જેમ વનવાસમાં સીધાવ્યા હતા એમ હું તમારી સાથે આવીશ એટલું જ નહીં પણ તમારે સુખે સુખી અને દુઃખે દુઃખી થઇ ફરજ અદા કરીશ.

સુંદરી તમારો ધર્મ એ ગણાય એ સાચું છે અને એટલું જ સાચું પણ છે કે પતિની સાથમાં રહી આવી પડતાં શુભ અશુભ પ્રસંગોમાં સમાન ભાગ લેવો પણ મારી ઇચ્છા એકલા જવાની છે અને એ પાછળ સંગીન કારણ પણ છે. એક તો માતુશ્રીને એકલા રાખવા મારું મન ના પાડે છે. તમો સાથમાં હો તો એમને ગમે. પુત્ર કે પુત્રવધુ માટે જંગમ તીર્થસમ એમની સેવા ઓછા મહત્વની

નથી જ. વિશેષમાં મારી અભિલાષાઓ નાનીસુની નથી. માત્ર પિતાનું રાજ્ય પાછું મેળવવું છે એટલું જ નહીં પણ એક પ્રખર અને પ્રબળ મહારાજા તરીકે આગળ આવવું છે. એ સાધનાદ્વારા આત્મખ્યાતિ કરી ધર્મની પ્રભાવના વિસ્તારવી છે. આ પાછળ કપરા પરિષહો સ્વેચ્છાપૂર્વક સહન કરવાના છે અને ગંભીર જોખમ જાણીબુઝીને હાથ ધરવાના છે. તારી ગમે તેટલી હિંમત એ સર્વે સહન કરવાની હોય અને મને પાકી ખાતરી છે કે તારા સરખી પ્રેમદા રંચમાત્ર ઉકળાટ દાખવ્યા વિના એ સહન પણ કરે. વધારામાં મારા કષ્ટો ઓછા કરવામાં ભાગીદાર બને. તને સાથે લેવામાં મને તારી ઈચ્છા પૂરવા ઉપરાંત કેવલ લાભ ને લાભ જ છે છતાં મારું અંતર ના પાડે છે. એક જ આજ્ઞા અને તે પણ સ્નેહના જોરે કરવાનું કહે છે કે—મારી અવેજીમાં માતુશ્રીની સારસંભાળ રાખવી અને શ્રી સિદ્ધચક્રજીના યંત્રનું ભાવપૂર્વક પૂજન કરી પતિનો માર્ગ કલ્યાણકર બને એવી પ્રાર્થના કરવી. સુશીલા, આટલું કામ ઉત્સાહથી કરશો ને ?

પ્રાણવલ્લભ, વ્હાલાનો વિરહ એ જેવું તેવું દુઃખ નથી. એની સરખામણીમાં તમોએ દર્શાવેલા માર્ગના કષ્ટો કંઈ વિસાતમાં ન લેખાય, છતાં તમારી અંતરની ઇચ્છા પાર પાડવામાં મારે ફાળો આપવો જ જોઈએ. તમોને રૂચે એ જ પતિવ્રતા તરીકે અમલી બનાવવાનો મારો ધર્મ.

હું તો નવપદજીની સેવા–ભક્તિ નહીં ચૂકું પણ તમો પણ એ પવિત્ર સ્મરણ પછી જ દરેક કાર્યમાં પગ મૂકશો. સાંસારિક અને આત્મિક કાર્યોની સફળતાનું એ અમોઘ સાધન છે. માતુશ્રી તરફની લેશ માત્ર ચિંતા ધરશો નહિ. નવનવા દેશો જોશો એટલે અનુભવની હારમાળા રચાશે. જાતજાતના માનવોના પરિચય થશે. અધિક સૌન્દર્યશાળી લલનાઓના પ્રેમ–ભાજન બનવાના પ્રસંગ આવશે એ વેળા મને સાવ ભૂલશો નહીં એટલી આ લલનાની વિનંતિ છે.

વ્હાલી મયણા, તું આ શું કહી રહી છો ! તને ભૂલનાર હું પતિ તરીકે તો ન જ રહી શકું પણ માનવની કોટિમાંથી ઉતરી પડી, અધમ પશુ કોટિમાં મૂકાઈ જઉં ! તું માત્ર પ્રાણવલ્લભા જ છો એટલું જ નહીં પણ મારો ભાવિ પંથ ઉજાળનાર અદ્વિતીય દીપિકા સમ છો. અરે ! મારી સાચી માર્ગદર્શિકા છો. તારું સ્થાન મારા હૃદયમાં જ્ઞાનદિશા દેખાડનાર ગુરુ જેવું છે. ભક્તિનું કેન્દ્ર જેમ જનની કમલશ્રી છે તેમ પ્રીતિનું કેન્દ્ર પ્રેયસી મયણાસુંદરી છે. ઉભયની હાજરીમાંથી હું માત્ર એકાદ સંવત્સર જ આઘો જવા ધારું છું.

પ્રસંગ ૧૦ તથા ૧૧ એ તો આપણા રોજના જીવનના બનાવો સમાન છે. એમાં માતાનું વાત્સલ્ય અને પત્નીની પ્રીતિ ડગલે ડગલે ચાખવાની પ્રાપ્ત થાય છે. પ્રતિવર્ષ શ્રીપાળ ચરિત્ર શ્રવણ કરતાં કંટાળો નથી આવતો કે અભાવ નથી ઉપજતો એના કારણમાં ઉપર જેવા સંખ્યાબંધ શિક્ષાપાઠો એમાં વાણા–તાણા-

રૂપે વણાયા છે એ મુખ્ય કારણરૂપ છે. એ વૃત્તાન્તોમાંથી અવનવા પદાર્થપાઠ ગ્રહણ કરવાના ઉપલબ્ધ થાય છે. સંસારના કાર્યોમાં એ દીવાદાંડીની ગરજ સારે છે અને સાથોસાથ આત્મશ્રેયના પથનું દિશાસૂચન પણ કરે છે.

કમલશ્રીને શ્રીપાલના વિદેશગમનથી હરકોઇ માતાને દુઃખ થાય તેમ જરૂર દુઃખ થાય છે છતાં પરિસ્થિતિની ચોખાવટ થતાં જ સાચી હિંમત એ દાખવે છે, સાહસ અને પુત્રના શ્રેય આડે ઉભવાનું નથી તો એ પસંદ કરતી કે નથી તો નેત્રોને આંસુઓથી ભરી દેતી. આ યુગમાં આવી માતાઓની વધુ જરૂર છે. માતાઓની હાર્દિક પ્રેરણા વિના માયકાંગલાપણું કે અકર્મણ્ય દશા દૂર થવાની નથી. સાહસને નોતર્યા વિના જાત, સમાજ કે રાષ્ટ્રનો ઉદ્ધાર શકય પણ નથી જ. 'દેશમાં અર્ધો રોટલો મળે તો પરદેશ ન જવું' એ સલાહ આજના કાળમાં બંધ બેસી શકે તેમ નથી જ.

શ્રીપાળની માતાની વાત પ્રતિવર્ષ કર્ણ પર અથડાય છે છતાં જૈન સમાજની બ્હેનોના રોદણા-કુટણા ન જાય કિંવા અજ્ઞાનમૂલક દોરાધાગા કે વહેમ ન ટળે તો સાંભળવાનો કંઇ જ અર્થ ન લેખાય.

પત્ની મયણાએ તો અદ્ભૂત કાર્ય કરી બતાવ્યું છે. ખુદ શ્રીપાલકુમારના એ માટેના ગૌરવસૂચક વચનોથી એની પ્રતિતી થાય છે. મયણાસુંદરી જેવા રમણીય રત્નો ઘેર ઘેર જન્મે તો જૈન સમાજની શિકલ જ બદલાઇ જાય. પરમાત્મા શ્રી મહાવીર દેવના સિદ્ધાંતનો વિજયધ્વજ સારી આલમમાં ફરકી ઊઠે.

આપત્તિને હસતા મુખડે ઘોળી પી જનાર, દુઃખ આવે જરાપણ ગભરાયા વિના ઉદ્યમ ન છોડનાર અને સુખ કિંવા વાહવાહ આવતાં એ વેળા જરાપણ ફુલાઇ ગયા વિના સમભાવથી કાર્યથી રહેનાર આ રાજકુમારી આજની એકવીસમી સદીની લલનાઓ માટે આદર્શ સમાન છે. વિરહ ટાણે એ જેમ ફરજનો ખ્યાલ કરાવે છે તેમ આજ્ઞા શિરસાવંદ્ય કરવાની તમન્ના પણ બતાવે છે જ. છાતી માથા કુટવાના કે અન્ય પ્રકારના ઉપાલંભ દેવાના અગર તો અન્ય જાતની નબળાઇ દાખવવાના કંઇ પણ ચેનચાળા વિના એકાદા મંત્રની માફક સ્વામીને લક્ષ્યબિંદુ ન ચૂકવાની યાદ આપી હસ્તે મુખડે વિદાય આપે છે.

આ જાતનું ખમીર પ્રગટાવ્યા સિવાય ભાવિ પ્રજામાં આપણા પૂર્વજો વસ્તુપાળ, વિમળશા કે દયાલશા અથવા તો ભામાશા કે જગડુશા જેવા નરરત્નો પાકે એ આશા નહીં જ સેવી શકીએ. ( ચાલુ )

ચોકસી

# યોગાવંચક, ક્રિયાવંચક અને ફલાવંચક

લેખકઃ—ડૉ૦ ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા. M. B. B. S.

"નિર્મલ સાધુ ભગતિ લહી...સખી દેખણ દે,
યોગ અવંચક હોય...સખી૦
ક્રિરિયાવંચક તિમ સહી...સખી૦
ફલ અવંચક જોય...સખી૦." —શ્રી આનંદઘનજી.

**ઉપક્રમ—**

શાસ્ત્રમાં **યોગાવંચક, ક્રિયાવંચક** અને **ફલાવંચક** એ અવંચકત્રયનો નિર્દેશ કરવામાં આવ્યો છે. તેના ઉપરથી ફલિત થતો ઉત્તમ પરમાર્થ વિચારવા જેવો ને મનન કરવા જેવો છે. શ્રીમાન્ **હરિભદ્રાચાર્યજીએ શ્રી યોગદૃષ્ટિસમુચ્ચયમાં** આ અવંચકની સ્પષ્ટ વ્યાખ્યા સંક્ષેપમાં દર્શાવી છે. તે ઉત્તમ પરમાર્થરહસ્યથી પરિપૂર્ણ હોઇ તે પર વિશદ વિચારણા કરવી આવશ્યક છે. આ સત્શાસ્ત્રનો સ્વાધ્યાય કરતાં તે પર વિસ્તૃત વિવેચન કરવાની આ લેખકને ભાવના થઇ જે ઘણે અંશે ફલિભૂત થઇ છે. એટલે તદંતર્ગત આ અવંચકત્રયનો પણ યથાશક્તિ-મતિ વિચાર કરવાનું સ્હેજે બની આવ્યું છે. તેમાંથી કંઇક અત્રે નમૂનારૂપે સુજ્ઞ વાંચકની સુવિચારણાર્થે રજૂ કરવાનો ઉપક્રમ કર્યો છે.

આ અવંચકત્રયનું સ્વરૂપ સમજવા માટે **શ્રી હરિભદ્રાચાર્યજીએ** બાણની લક્ષ્યક્રિયાનું દૃષ્ટાંત ઉપન્યસ્ત કર્યું છે:—

**અવંચકત્રયી—**

"योगक्रियाफलाख्यं यच्छ्रूयतेऽवञ्चकत्रयम् ।
साधूनाश्रित्य परममिषुलक्ष्यक्रियोपमम् ॥"

અર્થાત્—"સાધુઓને આશ્રીને યોગ, ક્રિયા ને ફલ નામનું અવંચકત્રય (ત્રિપુટી) સંભળાય છે. તેને બાણની લક્ષ્યક્રિયાની ઉપમા છે."

હવે આ દૃષ્ટાંતનો વિશેષ વિચાર કરીએઃ—

**યોગાવંચક, ક્રિયાવંચક** અને **ફલાવંચક** એ ત્રણ પ્રકારના અવંચક શાસ્ત્રમાં કહ્યા છે. આ અવંચક એક પ્રકારનો અવ્યક્ત સમાધિવિશેષ—યોગવિશેષ છે, નાના પ્રકારના ક્ષયોપશમને લીધે ઉપજતો તેવા પ્રકારનો આશયવિશેષ—ચિત્તપરિણામવિશેષ છે.

'અવંચક' એટલે શું? અવંચક એટલે વંચે નહિં, છેતરે નહિં તે. જે કદી ખાલી ન જાય, ચૂકે નહિં, એવો અમોઘ, અચૂક, અવિસંવાદી, રામબાણ તે અવંચક. યોગ એવો કે કદી વંચે નહિં—ચૂકે નહિ, તે **યોગાવંચક.** ક્રિયા એવી કે કદી વંચે નહિં—ફોગટ જાય નહિં, તે **ક્રિયાવંચક.** ફલ એવું કે કદી વંચે નહિં, ખાલી જાય નહિં તે **ફલાવંચક.**

**સત્પુરુષોને આશ્રીને—**

આ પરમ ઉત્તમ અવંચકત્રય સાધુઓને એટલે કે સાચા સાધુગુણથી શોભતા સત્પુરુષોને આશ્રીને છે, સાચા 'મુનિ' એવા જ્ઞાની પુરુષોને અવલંબીને છે, એમ તેનો સંબંધ સમજવાનો છે. એટલે કે સાચા સાધુસ્વરૂપ સત્પુરુષનો—સદ્ગુરુનો યોગ, જોગ તથા રૂપ ઓળખાણ તે **યોગાવંચક** છે; તે યોગ કદી વંચે નહિં, અમોઘ હોય, અવશ્ય અવિસંવાદી હોય. અને પછી સત્પુરુષને તેવા સત્પુરુષ સ્વરૂપે ઓળખી, તેના પ્રત્યે જે વંદન—નમસ્કાર—વૈયાવચ્ચ વગેરે ક્રિયા કરવામાં આવે તે **ક્રિયાવંચક** કહેવાય; તે ક્રિયા કદી વંચે નહિં, ફોગટ જાય નહિં, અચૂકપણે અવશ્ય લાભદાયી થાય જ. આમ સત્પુરુષ સદ્ગુરુને તથારૂપે ઓળખી તેના પ્રત્યે જે વંદનાદિ ક્રિયા કરવામાં આવી, તેનું ફલ પણ કદી વંચે નહિં, અમોઘ હોય, અચૂકપણે પ્રાપ્ત થાય, તે **ફલાવંચક** જાણવું. આ ત્રણ અવંચક અહિં પ્રથમ યોગદષ્ટિમાં દ્રવ્યથી હોય છે.

"સદ્ગુરુ યોગે વંદન ક્રિયા, તેહથી ફલ હોય જેહો રે;
યોગ ક્રિયા ફલ ભેદથી, ત્રિવિધ અવંચક એહો રે—વીર જિનેસર દેશના."

**શ્રી યશોવિજયજીકૃત યોગદષ્ટિ સજ્ઝાય**

**બાણની લક્ષ્ય ક્રિયાની ઉપમા—**

આ અવંચક ત્રિપુટીને બાણની લક્ષ્યક્રિયાની ઉપમા બરાબર ઘટે છે. જેમ લક્ષ્યને—નિશાનને બરાબર તાકીને છોડેલું બાણ લક્ષ્યને અવશ્ય વીંધે, ચૂકે નહિં, ખાલી જાય નહિં—અફળ થાય નહિં, નિજ કાર્યની સિદ્ધિ કરે; તેમ શુદ્ધ આત્મસિદ્ધિરૂપ લક્ષ્યને અનુલક્ષીને—તાકીને કરવામાં આવેલા યોગ, ક્રિયા ને ફળ અવંચક હોય, અવશ્ય પોતાના સાધ્યરૂપ લક્ષ્યને સાધે, અમોઘ અચૂક હોય, અવિસંવાદીપણે સ્વકાર્યની ચોક્કસ સિદ્ધિ કરે.

આમાં નિશાનને બરાબર તાકીને બાણનો ધનુષ્ય સાથે યોગ—જોડાણ થવું, અનુસંધાન થવું, તેની બરાબર **યોગાવંચક** છે. આમ બરાબર તાકેલા બાણની નિશાન પ્રત્યે ગમન કરવાની જે ક્રિયા, તેની બરાબર **ક્રિયાવંચક** છે. અને નિશાનને વીંધવા જે કાર્યસિદ્ધિ થવી, તેની બરાબર **ફલાવંચક** છે.

**અર્થરહસ્ય—**

આ દષ્ટાંત ઘણું અર્થ—રહસ્ય ભરેલું છે, ને તેના ઉપરથી નીચેના મુદ્દા તારવી શકાય છે:—

બાણનો યોગ—અનુસંધાન બરાબર નિશાનને તાકીને ન હોય, તો નિશાન પ્રત્યેની ગમનક્રિયા પણ આડીઅવળી હોય, ને નિશાન ચૂકી જવાય. તેમ આત્મસિદ્ધિનો લક્ષ્ય બરાબર તાક્યા વિના જો યોગ વંચક હોય, તો તેની સાધક ક્રિયા પણ વંચક હોય, અને ફલ પણ વંચક હોય.

બાણનો યોગ–જોડાણ બરાબર નિશાનને તાકીને કરવામાં આવેલ હોય, તો જ નિશાન પ્રત્યેની તેની ગમનક્રિયા સીધી સડસડાટ હોય, ને નિશાન વીંધાય, ચૂકે નહિ. તેમ આત્મસિદ્ધિનું લક્ષ્ય બરાબર તાકીને જો યોગ અવંચક કરવામાં આવે, તો પછી તેની સાધક ક્રિયા પણ અવંચક હોય, અને સિદ્ધિરૂપ ફળ પણ અવંચક જ હોય.

**ચોભંગી—**

આમ આ ઉપરથી ચોભંગી ફલિત થાય છે.


(૧) યોગ અવંચક હોય, તો ક્રિયા–ફલ અવંચક હોય.

(૨) યોગ અવંચક હોય, તો ક્રિયા–ફલ વંચક ન હોય.

(૩) યોગ વંચક હોય, તો ક્રિયા–ફલ પણ વંચક હોય.

(૪) યોગ વંચક હોય, તો ક્રિયા–ફલ અવંચક ન હોય.

આ સર્વનો નીચેની આકૃતિ પરથી બરાબર ખ્યાલ આવી શકશે—



**સત્પુરુષનો યોગ—**

આ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે એક યોગ જ જો બરાબર ન હોય, તો બધી બાજી બગડી જાય છે. અને આ યોગ સદ્ગુરુ સત્પુરુષને આશ્રીને છે, એટલે સાચા સાધુપુરુષનો, સદ્ગુરુનો જોગ બરાબર ન બને, તો ક્રિયા ને ફલનો ઘાણ બગડી જાય છે. તે આ રીતે—(૧) સદ્ગુરુ સત્પુરુષ મળ્યા હોય, પણ તે ઓળખાય નહિં, તો તેનો યોગ અયોગરૂપ થઇ પડે છે, નિષ્ફળ જાય છે. (૨) અથવા અસદ્ગુરુને સદ્ગુરુ માની લીધા હોય તો પણ યોગ અયોગરૂપ થાય છે. ટેલીફોનમાં ખોટો નંબર જોડાઇ ગયા જેવું થાય છે! (૩) અથવા સદ્ગુરુ મળ્યા હોય, પણ પોતામાં તેવી તથારૂપ યોગ્યતા ન હોય, તો યોગ ન મળ્યા બરાબર થાય છે, 'લગન વેળા ગઇ ઊંઘમાં' તેના જેવું થાય છે.

**લક્ષ્ય એક જ—**

અને બીજું એ સમજવાનું છે કે બાણનું નિશાન—લક્ષ્ય એક જ હોય છે. તે નિશાનથી આડુંઅવળું ઉપર નીચે બાણ જાય, તો નિશાન વિંધાતું નથી, અફળ જાય છે, અથવા આડાઅવળા અલક્ષ્ય વિંધાવારૂપ અનેક ફળ થાય છે, પણ એક ઇષ્ટ લક્ષ્ય પામવારૂપ ફળ મળતું નથી. તેમ પરમાર્થમાં પણ એક જ નિશાન છે, એક જ લક્ષ્ય છે, અને તે **શુદ્ધ આત્માની સિદ્ધિ** અથવા **મોક્ષ એ જ એક લક્ષ્ય છે.** એટલે જે યોગ, જે ક્રિયા, તે એક મોક્ષ લક્ષ્ય પ્રત્યે લઇ જાય, તે જ સફળ છે, બાકી બીજી બધી અફળ છે; અથવા તો એક મોક્ષરૂપ ફળને ચૂકી જઇ, ચારે ગતિમાં રખડવારૂપ અનેક* ફળ આપનારી છે. આમ **અવંચક** એવા યોગ, ક્રિયા ને ફલની એકતા છે, અને **વંચક** એવા યોગ, ક્રિયા ને ફલની અનેકતા છે.

"એક કહે સાધીએ વિવિધ કિરિયા કરી,
ફલ અનેકાંત લોચન ન દેખે;
ફલ અનેકાંત કિરિયા કરી બાપડા,
રડવડે ચાર ગતિમાંહે લેખે—
ધાર તરવારની સોહલી દોહલી
ચૌદમા જિનતણી ચરણસેવા." **શ્રી આનંદઘનજી.**

**અવંચક—**

આમ એક જ લક્ષ્યના અનુસંધાન—જોડાણરૂપ જો યોગ બને, તેના જ અનુસંધાનરૂપ ક્રિયા જો કરવામાં આવે અને તેના જ સંધાનરૂપ એક ફળ જો મળે, તો એ ત્રણે **અવંચક**

---

* "जे अबुद्धा महाभागा वीरा असमत्तदंसिणो। असुद्धं तेसिं परक्कंतं सफलं होइ सव्वसो॥
जे य बुद्धा महाभागा वीरा सम्मत्तदंसिणो। सुद्धं तेसिं परक्कंतं अफलं होइ सव्वसो॥"
**શ્રી સૂયગડાંગ સૂત્ર.**
(આના પરમાર્થ માટે જુઓ શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક ૩૯૧)

છે. પણ એક જ લક્ષ્યના અનુસંધાનરૂપ યોગ ન હોય, વિવિધલક્ષી અનેકાંત ક્રિયા હોય, અને તેથી કરીને વિવિધ અનેકાંત ફળ—ચારે ગતિમાં રડવડવારૂપ ફળ મળે, તો એ ત્રણે **વંચક** છે.

**સત્પુરુષનું ઓળખાણ—**

અને આ લક્ષ્યનું ભાન પણ સદ્ગુરુ સત્પુરુષના સમાગમ યોગથી થાય છે, માટે સાચા **સદ્ગુરુનો** યોગ તથારૂપ ઓળખાણ તે કારણનું પણ કારણ હોવાથી **યોગાવંચક** છે, તે સત્પુરુષ સદ્ગુરુના સેવાભક્તિ આદિ કરવા તે **ક્રિયાવંચક** છે, અને પરંપરાએ તેના ફલરૂપે મોક્ષની પ્રાપ્તિ થવી તે **ફલાવંચક** છે.

પરમ તાત્ત્વિકશિરોમણિ **શ્રીમદ્ રાજચંદ્રજીએ** ઉત્તમ મનનીય વચનો કહ્યાં છે કે—

“ **જીવને જ્ઞાની પુરુષનું** ઓળખાણ થયે તથાપ્રકારે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ મોળાં પડવાનો પ્રકાર બનવાયોગ્ય છે, કે જેમ બની અનુક્રમે તે પરિક્ષીણ-પણાને પામે છે. સત્પુરુષનું ઓળખાણ જેમ જેમ જીવને થાય છે, તેમ તેમ મતાભિગ્રહ, દુરાગ્રહતાદિ ભાવ મોળા પડવા લાગે છે, અને પોતાના દોષ જોવા ભણી ચિત્ત વળે છે. વિકથાદિ ભાવમાં નીરસપણું લાગે છે કે જુગુપ્સા ઉત્પન્ન થાય છે. × × × જીવને સત્પુરુષનો યોગ થયે તો એવી ભાવના થાય કે અત્યાર સુધી જે મારાં પ્રયત્ન કલ્યાણને અર્થે હતાં તે સૌ નિષ્ફળ હતાં—**લક્ષ વગરના બાણની** પેઠે હતા. પણ હવે સત્પુરુષનો અપૂર્વ યોગ થયો છે, તો મારાં સર્વ સાધન સફળ થવાનો હેતુ છે. ” ઇત્યાદિ.

**શ્રીમદ્ રાજચંદ્ર**, પત્રાંક ૪૩૩.

શ્રીમાન્ **આનંદઘનજી** અને શ્રીમાન્ **દેવચંદ્રજી** આનો પ્રતિધ્વનિ કરે છે કે—

“ પરિચય પાતક ઘાતક સાધુશું રે, અકુશલ અપચય ચેત,
ગ્રંથ અધ્યાતમ શ્રવણ મનન કરી રે, પરિશીલન નય હેત. સંભવ૦ ”

**શ્રી આનંદઘનજી**

“ પ્રભુપણે પ્રભુ ઓળખી રે, અમલ વિમલ ગુણગેહ;
સાધ્યદૃષ્ટિ સાધકપણે રે, વંદે ધન્ય નર તેહ ”
“ સાધ્યરસી સાધકપણે, અભિસંધિ રમ્યો નિજ લક્ષ રે. ” —**શ્રીદેવચંદ્રજી**

**વંચકયોગનું ઠગપણું—**

આમ **વંચક—અવંચક** શબ્દના પ્રયોગમાં ભગવાન શાસ્ત્રકારે ઘણો પરમાર્થ સમજાવ્યો છે. વંચક એટલે છેતરનાર, ઠગનાર, છળનાર. ઠગ જેમ માણસને ભૂલાવામાં નાંખી દઈ, થાપ આપે છે. તેમ આ વંચક યોગાદિ જીવને ભૂલાવા—ભ્રમણામાં નાંખી દઈ ઠગે છે, છેતરે છે, છળે છે! કારણ કે મૂળ લક્ષ્યનું ભાન ન હોતાં છતાં, જીવ બિચારો બફમમાં ને બફમમાં એમ માને છે કે હું યોગ સાધું છું, હું ક્રિયા કરું છું, મને ફળ મળશે. પણ તે બિચારો ઠગાય છે! ને અનંત યોગ સાધતાં છતાં, અનંત ક્રિયા કરતા છતાં તે ઉંધે રવાડે ચડી ગયો હોવાથી અનંત ફળ પામતો રહી, ચારે ગતિમાં રડવડે છે—રખડે છે!

**'છાર પર લિંપણા'—**

આવી ને આવી ભ્રમણામાં આ જીવે **વંચક** એવા અનંત યોગ સાધન કરવામાં કાંઇ બાકી રાખી નથી, વંચક એવી અનંત ક્રિયા કરવામાં કાંઇ મણા રાખી નથી, અનંત પરિશ્રમ ઉઠાવવામાં કાંઇ પાછી પાની કરી નથી ! પણ તે બાપડાની આ બધી મહેનત પાણીમાં ગઇ છે, 'છાર પર લિંપણા' જેવી નકામી થઇ છે, ને તેનું પરિણામ મોટું મીંડું આવ્યું છે !!

**મોટું મીંડું !—**

કારણ કે અનંતકાળના પરિભ્રમણમાં આ જીવે અનંત વાર દીક્ષા ગ્રહણ કરી હશે, સાધુ–સંન્યાસી–બાવો બન્યો હશે ! મેરુપર્વત જેટલા ઓઘા–મુહપત્તિ વાપર્યા હશે ! યમ, નિયમ, સંયમ, ત્યાગ, વૈરાગ્ય વગેરે અથાગ આદર્યા હશે; વનવાસ લઇને, મૌન ધારણ કરી, દઢ પદ્માસન લગાવીને બેસી ગયો હશે ! પ્રાણાયામ વગેરે હઠયોગના પ્રયોગ કરી સમાધિ ચઢાવી ગયો હશે ! સ્વરોદય વગેરે જાણી અને મંત્ર–તંત્રાદિના ચમત્કાર બતાવી મુગ્ધ જનોને ભોળવ્યા હશે ! અનેક પ્રકારના જપ–તપ કર્યાં હશે; સર્વ શાસ્ત્રનો પારંગત બની આગમધર, શ્રુતધર, શાસ્ત્રજ્ઞમાં ખપ્યો હશે ! સ્વમતના મંડનમાં ને પરમતના ખંડનમાં પાવરધો બની 'દિગ્વિજય' કરવા પણ નીકળી પડ્યો હશે ! અરે પોતાનું કાંઇ પણ ઠેકાણું નહિ છતાં, ઉંચા વ્યાસપીઠ પરથી મોક્ષ સુધીના ઉપદેશરૂપ મોટા મોટા વ્યાખ્યાનો આપી, સાક્ષાત્ વાચસ્પતિના જેવી વક્તાબાજી કરી, વ્યાખ્યાન–ધરાઓ ધ્રૂજાવીને સભાઓ ગજાવી હશે !

**'તદપિ કછુ હાથ હજુ ન પર્યો'—**

આટલું બધું એ બિચારાએ અનંતવાર કર્યું હશે ! પણ તેના હાથમાં હજુ કાંઇ આવ્યું નહિં ! તેના હાથ તો ખાલી ને ખાલી ! મોક્ષ તો હતો એટલો જ દૂર પડયો છે ! કારણ કે એક મૂળભૂત કારણ જે કરવાનું સૌથી પ્રથમ અગત્યનું હતું, તેનો તેને યોગ ન બન્યો; **સાચા સદ્‌ગુરુનો** તેને યોગ ન મળ્યો એટલી એક ખામી રહી ગઇ ! એટલે એના એ બધાં સાધન સ્વરૂપે સાચા છતા, તેને તો બંધનરૂપ બની એળે ગયા, શૂન્યમાં પરિણમ્યા ! કારણ કે હજારો કે લાખો વિજળીની બત્તી ગોઠવી હોય, પણ એક 'મેઇન સ્વીચ' (મુખ્ય ચાવી) ચાલુ ન હોય તો બત્તી પ્રગટે નહિં, અંધારૂં જ રહે; તેમ અનંત સાધનો કરે, પણ સદ્‌ગુરુનો યોગ ન હોય તો જ્ઞાન–દીવો પ્રગટે નહિં, અંધારૂં જ રહે. આ અંગે–જાણે **સાક્ષાત જોગીંદ્ર** ગર્જના કરતા હોય, એવો પ્રગટ ભાસ આપતા પરમવેધક વચનો **શ્રીમદ્ રાજચંદ્રજી**એ ભાખ્યા છે, જે આપણે હવે પછી જોશું.

( અપૂર્ણ )

## શાહ ધનજીભાઇ પ્રેમચંદ.

ચાહ, સુકોમેવો, પીપરમેંટ તથા

—x કરીયાણાના વેપારી. x—


## ખેદકારક પંચત્વ



**ચુનીલાલ નાગરદાસ શાહ** [ સભાના ભૂતપૂર્વ માનદ મંત્રી ]

મૂળ તેઓ ધોલેરાના વતની અને શાહ નાગરદાસ સ્વજીભાઇના સુપુત્ર હતા. તેમનું કુટુંબ ધર્મચુસ્ત અને શ્રદ્ધાળુ તરીકે પ્રખ્યાતિ પામેલું હતું. ધંધાર્થે તેઓ ભાવનગર આવ્યા હતા અને તેમના મિલનસાર સ્વભાવને કારણે તેઓ આપણી સભાના સેક્રેટરી બન્યા હતા. સં. ૧૯૮૯ માં તેમને સેક્રેટરી તરીકે ચુંટવામાં આવ્યા અને તેઓએ દશ વર્ષ પર્યંત એકધારી સેવા આપી હતી. મૂક સેવાભાવ એ તેમનો જીવનમંત્ર હતો.

સં. ૨૦૦૦ માં તેમને અચાનક પક્ષઘાતનો હુમલો થયો. બાદ તેઓ વઢવાણ કેંપ ગયા અને ચાલુ વર્ષના ફાગણ વદિ છઠ્ઠના રોજ ૬૦ વર્ષની વયે તેઓ સ્વર્ગસ્થ થયા. સદ્દગતે સભાની સેવા સારી રીતે બજાવી હતી અને "સુવર્ણ–મહોત્સવ" પ્રસંગે તેમની મૂક દોરવણીએ સારો યશ પ્રાપ્ત કર્યો હતો. અમે સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ અને તેમની ધર્મપત્ની મોંઘીબાઇને અંતઃકરણપૂર્વક દિલાસો આપીએ છીએ.

---

આપણી સભાના મુખ્ય કારકુન મોહનલાલ મગનલાલ શાહ, જેઓએ સભાની લાંબા સમયની નોકરી કરી હતી તેઓ ચૈત્ર શુદિ ૧૨ ના રોજ ૪૭ વર્ષની વયે સ્વર્ગવાસી થયા છે. સદ્દગત સ્વભાવે મિલનસાર અને શાંત પ્રકૃતિના હતા. અમે સદ્દગતના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ અને તેમના આપ્તજનો પર આવી પડેલા દુઃખમાં સમવેદના પ્રગટ કરીએ છીએ.

# ભરતેશ્વર બાહુબલી વૃત્તિ ભાષાંતર

## પુસ્તક વિભાગ ૧-૨ ( સંપૂર્ણ )

'ભરહેસરબાહુબલિ 'ની સજ્ઝાય તો રાઈ પ્રતિક્રમણમાં હંમેશા બોલાય છે, પણ તેમાં દર્શાવાતા મહાપુરુષોનાં વૃત્તાંતો તમો જાણો છો ? ન જાણતા હો તો આ પુસ્તક મંગાવો. તેમાં ૯૦ મહાપુરુષોના જીવનવૃત્તાંતો સુંદર અને રોચક ભાષામાં વર્ણવવામાં આવ્યાં છે. કથાઓ મનપસંદ અને સૌ કોઇને ગમી જાય તેવી છે. અવશ્ય આ પુસ્તક વસાવો. ડેમી સાઇઝના પૃષ્ઠ લગભગ ચારસો, છતાં કિંમત માત્ર રૂપિયા ત્રણ, પોસ્ટેજ જુદું.

લખો :—શ્રી જૈન ધર્મપ્રસારક સભા, ભાવનગર

---

## શ્રી ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્ર ભાષાંતર

### પર્વ ૧ થા ૧૦ : વિભાગ ૫

આ આખા ગ્રંથમાં દશ પર્વ છે. કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યની આ અપૂર્વ કૃતિ છે. મૂળના શ્લોક ૩૪૦૦૦ છે. તેનું ભાષાંતર જુદા જુદા પાંચ ભાગમાં પ્રસિદ્ધ કરેલ છે.

૧ પ્રથમ ભાગ–પર્વ ૧–૨ શ્રી ઋષભદેવ, અજિતનાથ વગેરેના ચરિત્ર. કિં. રૂા. ૩–૪–૦
૨ બીજો ભાગ–પર્વ ૩-૪-૫-૬ શ્રીસંભવનાથથીમુનિસુવ્રતસ્વામી સુધીનાં ચરિત્રો. કિં. રૂા. ૩-૪-૦
૩ ત્રીજો ભાગ–પર્વ ૭ મું. જૈન રામાયણ ને શ્રી નમિનાથ ચરિત્ર કિં રૂા. ૧–૮–૦
૪ ચોથો ભાગ–પર્વ ૮–૯. શ્રી નેમિનાથ ને પાર્શ્વનાથ વગેરેનાં ચરિત્ર કિં. રૂા. ૩–૦–૦
૫ પાંચમો ભાગ–પર્વ ૧૦ મું. શ્રી મહાવીરસ્વામીનું સવિસ્તર ચરિત્ર કિં. રૂા. ૨–૮–૦
( આ પાંચમો ભાગ હાલ શીલીકમાં નથી. )

---

## બે પ્રતિક્રમણ સૂત્ર ( મૂળ )

બે પ્રતિક્રમણ સૂત્ર મૂળ તેમજ સૂત્રોનો સંક્ષિપ્ત ભાવાર્થ, સામાયિક લેવા પારવાની વિધિ, ચોવીશ તીર્થંકરોના નામો, વર્ણ અને લાંછન વિ. ઉપયોગી હકીકતનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાઈ તેમજ દેવસી પ્રતિક્રમણની વિધિ પણ આપવામાં આવેલ છે. કિંમત પાંચ આના.

લખો—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.

---

## શ્રી પૃથ્વીચંદ્ર ચરિત્ર ( ગદ્યબદ્ધ )

પૃથ્વીચંદ્ર અને ગુણસાગરનો એકવીશ ભવનો સંબંધ આપણામાં સારી રીતે જાણીતો થયેલ છે. શંખરાજા ને કલાવતીના ભવથી પ્રારંભી એકવીશમા પૃથ્વીચંદ્રના ભવ પર્યંતનો વિસ્તૃત વૃત્તાંત આ ગ્રંથમાં કર્તાશ્રી પંડિત રૂપવિજયજીએ સુંદર રીતે ગુંથ્યો છે. કથા રસિક હોવાથી વાંચતાં આહ્લાદ ઉપજે છે. અંતર્ગત ઘણી ઉપદેશક કથાનો સંગ્રહ કરવામાં આવ્યો છે. તેત્રીશ ફોર્મની પ્રતની કિંમત માત્ર રૂા. ચાર, પોસ્ટેજ અલગ.

---

મુદ્રકઃ શાહ ગુલાબચંદ લલ્લુભાઇ–શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ–ભાવનગર.